# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 20-10-2026 I VOL : 12 I Issue : 215 I Page : 8 I Price : 1.00

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક






Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  શક્તિપીઠ અંબાજીમાં આઠમે ભવ્ય મહાયજ્ઞ સંપન્ન: દાંતા રાજપરિવારની પરંપરાગત...

4  ન કોર્ટ, ન કાગળ, ન વિદાય... છતાં સંબંધનો અંત! – સાઇલન્ટ ડિવોર્સ

6  વિપક્ષના સરકાર બદલવાના નારા પર કંગનાનો પલટવાર

7  પ્રજ્ઞાન ઓઝા ભારતીય ક્રિકેટ ટીમના નવા ચીફ સિલેક્ટર


## ગોવામાં રાહુલ ગાંધીના હુંકારથી રાજકારણ ગરમાયું, કોંગ્રેસના નેતાએ ફૂંક્યું રણશિંગું!

# દિલ્હીમાં મોદી-શાહને લપેટી લઈશું: રાહુલ

નવી દિલ્હી/ગોવા

દેશના રાજકારણમાં ફરી એકવાર શબ્દોનું યુદ્ધ પૂરજોશમાં શરૂ થઈ ગયું છે. કોંગ્રેસના શીર્ષ નેતા રાહુલ ગાંધીએ ગોવામાં પાર્ટીના એક કાર્યક્રમ દરમિયાન કેન્દ્ર સરકાર સામે અત્યંત આક્રમક તેવર અપનાવતા એવું નિવેદન આપ્યું છે કે જેણે રાષ્ટ્રીય રાજકારણમાં ભૂકંપ સર્જી દીધો છે. રાહુલ ગાંધીએ કાર્યકર્તાઓને સંબોધતા ખુલ્લેઆમ પડકાર ફેંક્યો કે, 'તમે ગોવામાં સંપૂર્ણ દમ લગાવીને કોંગ્રેસ પાર્ટીને સંપૂર્ણ બહુમતથી જીતાડજો, દિલ્હીમાં તો થોડાક જ સમયમાં અમે નરેન્દ્ર મોદી અને અમિત શાહને લપેટી લઈશું!'

ગોવાના મંચ પરથી કેન્દ્ર પર મોટો પ્રહાર

ગોવા કોંગ્રેસના કાર્યકરોમાં નવો પ્રાણ ફૂંકવા પહોંચેલા રાહુલ ગાંધીએ ભાજપના સર્વોચ્ચ નેતૃત્વ પર સીધો નિશાન સાધ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે સ્થાનિક સ્તરે પાર્ટીને મજબૂત કરવાની જવાબદારી કાર્યકર્તાઓની છે, જ્યારે રાષ્ટ્રીય મોરચે ભાજપના દિગ્ગજ નેતાઓ સાથે લડવાની જવાબદારી તેમની પોતાની છે.

રાહુલ ગાંધીના આ નિવેદને સાબિત કરી દીધું છે કે આગામી દિવસોમાં કોંગ્રેસ પાર્ટી કેન્દ્ર સરકાર વિરુદ્ધ વધુ આક્રમક અને આંદોલનાત્મક રણનીતિ અપનાવવા જઈ રહી છે. 'લપેટી લઈશું' જેવા લોકભોગ્ય અને તીખા શબ્દોનો પ્રયોગ કરીને તેમણે ભાજપના વિરોધી મતદારો અને પોતાના કાર્યકર્તાઓમાં નવો જાશ ભરવાનો પ્રયાસ કર્યો છે.



ભાજપનો પલટવાર: 'મૂંગા સપનાં જોઈ રહી છે કોંગ્રેસ'

રાહુલ ગાંધીના આ નિવેદન બાદ ભારતીય જનતા પાર્ટી (BJP) એ પણ વળતો પ્રહાર કરવામાં જરાય સમય બગાડ્યો નથી. ભાજપના પ્રવક્તાઓએ કટાક્ષ કરતા કહ્યું છે કે: જે પક્ષ પોતે દેશના જુદા-જુદા રાજ્યોમાં ચૂંટણી હારી રહ્યો છે અને આંતરિક વિખવાદથી ઘેરાયેલો છે, તે સપનાંમાં પણ મોદી-શાહને 'લપેટી' શકાવાના દાવા કરી રહ્યો છે.

દેશની જનતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની વિકાસનીતિ અને મજબૂત નેતૃત્વની સાથે છે, ત્યારે આવા હવામાં તીર મારવાથી કોંગ્રેસનું ડૂબતું વહાણ બચી શકવાનું નથી.

પાક્કો ગુજરાતનું વિશ્લેષણ: શું આ માત્ર નિવેદન છે કે કોઈ મોટી રણનીતિ?

ગુજરાત અને દેશના રાજકીય સમીકરણો પર નજર નાખીએ તો રાહુલ ગાંધીનું આ નિવેદન માત્ર એક ભાષણનો હિસ્સો નથી, પરંતુ તે વિપક્ષની બદલાયેલી બોડી લેંગ્વેજ દર્શાવે છે.

1. વિપક્ષી એકતા અને આક્રમકતા: રાહુલ ગાંધી હવે સરકારની ટીકા કરવાને બદલે સીધા જ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહને ટાર્ગેટ કરીને પોતાના કેડરને ચાર્જ કરવા માંગે છે.

2. રાજ્યોની ચૂંટણીઓ પર ફોકસ: ગોવા જેવા રાજ્યોમાં પાર્ટીને બેઠી કરવા માટે કેન્દ્રીય નેતૃત્વ સ્થાનિક કાર્યકર્તાઓને મોટું ગાજર ધરીને મેદાનમાં ઉતારી રહ્યું છે.

હવે જોવાનું એ રહે છે કે રાહુલ ગાંધીનું આ 'લપેટી લઈશું' વાળું નિવેદન માત્ર રાજકીય શબ્દબાણ બનીને રહી જાય છે કે પછી આગામી દિવસોમાં જમીન પર કોઈ મોટો રાજકીય ખેલ જોવા મળે છે!

## એક નજર...

### સોનિયા બંસલનો બ્લેક ગાઉનમાં હોટ અને ગ્લેમરસ અવતાર



બિગ બોસ 17મા જોવા મળેલી સ્પર્ધક સોનિયા બંસલની એવી કિલર સ્ટાઈલ છે કે દરેક વ્યક્તિ ઘાયલ થઈ જાય છે. તેના ફોટા ઈન્ટરનેટ પર આવતાની સાથે જ લોકપ્રિય થઈ જાય છે. સોનિયા બંસલ આ વાયરલ તસવીરમાં બ્લેક કલરના નેટ અને લેસ ડિઝાઈન વાળા કટ-આઉટ ગાઉનમાં અત્યંત બોલ્ડ અને ગ્લેમરસ લુકમાં નજરે પડી રહી છે.

## NEWS TRACK

### બાંગ્લાદેશે કહ્યું- સાઉદીએ જાણ કર્યા વિના અમારા નાગરિકોને ફાંસી આપી

સાઉદી અરેબિયાએ મક્કામાં ગયા બુધવારે એક બાંગ્લાદેશી દંપતીને ફાંસી આપી દીધી. બંનેને એક મસ્જિદની અંદર અશ્લીલ હરકત કરવાના આરોપમાં મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી. બાંગ્લાદેશ સરકારે રવિવારે કહ્યું કે સજા આપવામાં આવે તે પહેલાં તેને આ અંગે જાણ કરવામાં આવી નહોતી. ફાંસી આપવામાં આવ્યા બાદ જ તેને આ મામલાની જાણ થઈ. ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, સાઉદી અરેબિયામાં બાંગ્લાદેશના દૂતાવાસે જેલોમાં બંધ બાંગ્લાદેશી નાગરિકોની યાદી માંગી હતી. સાઉદી સરકારે મોકલેલી યાદીમાં આ પતિ-પત્નીનાં નામ પણ સામેલ હતાં. જોકે, યાદીમાં બંનેને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હોવાની માહિતી નહોતી. બાંગ્લાદેશના વિદેશ બાબતોના રાજ્યમંત્રી શમા ઓબૈદ ઈસ્લામે જણાવ્યું કે તેમની સરકારે મામલાની વધુ માહિતી મેળવવા માટે સાઉદી અરેબિયાનો સંપર્ક કર્યો છે. સાઉદી સરકારનો જવાબ મળ્યા બાદ જ બાંગ્લાદેશ નક્કી કરશે કે આગળ કયા પગલાં ભરવા.

### ફ્રાન્સના રાષ્ટ્રપતિ બોલ્યા- તોડફોડ કરનારાઓએ કિંમત ચૂકવવી પડશે: કેટલાક શહેરોમાં કર્ફ્યૂની તૈયારી

ફ્રાન્સમાં 17 ઓક્ટોબરે થયેલી હિંસા અને લૂંટફાટને લઈને રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ રવિવારે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું. તેમણે રવિવાર રાત્રે પોતાના સંબોધનમાં કહ્યું કે જેમણે તોડફોડ અને લૂંટફાટ કરી છે, તેમણે તેની કિંમત ચૂકવવી પડશે. વડાપ્રધાન સેબાસ્ટિયન લેકોર્નૂએ સોમવારે સરકારની કટોકટી બેઠક બોલાવી. ત્યારબાદ તેમણે સોમવાર સાંજથી કેટલાક વિસ્તારોમાં આંશિક કર્ફ્યુ લગાવવાનો આદેશ આપ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે જરૂર પડે તો દેશમાં કટોકટી પણ જાહેર કરી શકાય છે. મોંઘવારી અને સરકારી સુવિધાઓમાં ઘટાડા સામે શનિવારે 8 લાખથી વધુ લોકો રસ્તા પર ઉતર્યા હતા. શરૂઆતમાં સ્થિતિ શાંતિપૂર્ણ હતી, પરંતુ બાદમાં કાળા કપડાં પહેરેલા અને ચહેરા ઢાંકેલા કેટલાક લોકોએ તોડફોડ અને લૂંટફાટ શરૂ કરી દીધી. અંદાજ છે કે આશરે 1,500 દુકાનો અને વેપારી સંસ્થાઓમાં લૂંટફાટ કરવામાં આવી અથવા તેમને નુકસાન પહોંચાડવામાં આવ્યું.

## સરકાર મંદિરની મિલકતોની સંરક્ષક છે, માલિક નથી: SC

### સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને પલટાવી, તમિલનાડુ સરકારને રૂ. 1 લાખનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી

મદ્રાસ હાઈકોર્ટના એક મહત્ત્વપૂર્ણ ચૂકાદાને પલટી નાખતા સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું છે કે રાજ્ય સરકાર મંદિરની સંપત્તિઓની માત્ર સંરક્ષક અને નિયામક (કસ્ટોડિયન) છે, તેની માલિક નથી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યું કે કોઈ પણ ટ્રસ્ટી પાસેથી રાજ્ય સરકાર આવી સંપત્તિ ભેટ (ગિફ્ટ) સ્વરૂપે સ્વીકારી શકે નહીં, ભલે તે ટ્રાન્સફર સાર્વજનિક હેતુ કે જાહેર હિત માટે જ કેમ ન કરવામાં આવી હોય. જસ્ટિસ પીએસ નરસિંહા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે તમિલનાડુ સરકારને આકરા શબ્દોમાં ફટકાર લગાવતા ગિફ્ટ ડીડને અમાન્ય જાહેર કરી દીધી છે. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જ્યારે તમિલનાડુના ઈરોડ જિલ્લામાં આવેલા નાગપાલયમ મરિયમ્મન-પોન્નાચિયમ્મન મંદિરના એક અસ્થાઈ ટ્રસ્ટીએ 30 ઓગસ્ટ, 2017ના રોજ ગિફ્ટ ડીડ દ્વારા મંદિરની 1 એકર અને 10 સેન્ટ જમીન તાલુક કાર્યાલય બનાવવા માટે રાજ્ય સરકારને સોંપી દીધી હતી. આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જોકે, માર્ચ 2019માં મદ્રાસ હાઈકોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી.



## MPના 11 જિલ્લાઓમાં વરસાદ, જયપુરમાં કરા પડ્યા

### તમિલનાડુમાં ભારે વરસાદ, નૈનીતાલમાં તાપમાન 12°Cથી નીચે પહોંચ્યું

મુંબઈ

મધ્ય પ્રદેશમાં વાવાઝોડા-વરસાદને કારણે નવરાત્રી અને દશેરાની તૈયારીઓ પર અસર પડી છે. સેહોરમાં પંડાલોના ટેન્ટ ઊડી ગયા, જ્યારે મહૂમાં રાવણનાં પૂતળાં પણ ભીંજાઈ ગયાં. છેલ્લા 24 કલાકમાં ઈન્દોર-ઉજ્જૈન સહિત 11 જિલ્લાઓમાં વરસાદ નોંધાયો. રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની હળવી અસર યથાવત્ છે. જયપુર અને અજમેરમાં રવિવારે અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો અને કરા પણ પડ્યા. ટોંક અને બારાં જિલ્લાઓમાં પણ વરસાદ થયો. ઉત્તર પ્રદેશમાં પશ્ચિમી વિક્ષોભની અસર નબળી પડ્યા બાદ વરસાદનો સમયગાળો થંભી ગયો છે. શનિવારે સમગ્ર પ્રદેશમાં હવામાન સ્વચ્છ રહ્યું. હવામાન વિભાગ અનુસાર, આગામી એક અઠવાડિયા સુધી પ્રદેશમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. તમિલનાડુના કોયમ્બતૂર અને ચેન્નાઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

## બ્રહ્મોસ કરતાં પણ ખતરનાક ભારતની હાઈપરસોનિક મિસાઈલ તૈયાર!

નવી દિલ્હી

ભારત પોતાની સૈન્ય તાકાતમાં અભૂતપૂર્વ વધારો કરવા જઈ રહ્યું છે. સંરક્ષણ સંશોધન સંસ્થા DRDO દ્વારા તૈયાર કરવામાં આવેલી લોંગ રેન્જ એન્ટી-શિપ મિસાઈલ (LR-AShM) એટલે કે હાઈપરસોનિક મિસાઈલ વર્ષ 2027 થી 2029 વચ્ચે ભારતીય સેનામાં સામેલ થવા માટે તૈયાર છે. આ ઘાતક મિસાઈલની મારક ક્ષમતા આશરે 1500 કિલોમીટર છે અને તે અવાજ કરતાં પણ અનેક ગણી ઝડપે દુશ્મનના ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી શકે છે. શરૂઆતના તબક્કામાં દર વર્ષે 10થી 15 મિસાઈલ બનાવવામાં આવશે, જે બાદમાં વધારીને વાર્ષિક 25થી 40 યુનિટ સુધી લઈ જવાની યોજના છે આ હાઈપરસોનિક મિસાઈલ બે તબક્કા ધરાવતા સોલિડ રોકેટ મોટરથી લોન્ચ થાય છે અને ત્યારબાદ હાઈપરસોનિક ગ્લાઈડ વ્હીકલ તરીકે ટાર્ગેટ તરફ આગળ વધે છે.

## 2023માં ચૂંટણી પંચના કાયદાને સમર્થન કરીને મોટી ભૂલ કરી: આંધ્ર પ્રદેશના પૂર્વ CM

નવી દિલ્હી

YSRCP અધ્યક્ષ અને આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ સ્વીકાર્યું કે,' મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક સંબંધિત 2023ના સુધારા કાયદાનું સમર્થન કરીને મારી પાર્ટીએ ભૂલ કરી હતી.' તેમણે એક નિષ્પક્ષ પસંદગી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સુધારાની માગ કરી છે. રેડ્ડીએ જણાવ્યું કે, 'ચૂંટણી યોજવા માટે જવાબદાર અધિકારીઓની નિમણૂકમાં સત્તાધારી પક્ષને કોઈ નિર્ણાયક લાભ કે વર્ચસ્વ મળવું જોઈએ નહીં. તેમણે જૂની વ્યવસ્થાને પુનઃ લાગુ કરવાની માગ કરી, જેમાં વડાપ્રધાન, વિપક્ષના નેતા અને



ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) સામેલ હતા.' તેમણે કહ્યું કે, 'અગાઉ YSRCPએ સત્તાધારી પક્ષને આ નિમણૂકો કરવાની મંજૂરી આપતી પ્રક્રિયાનું સમર્થન કર્યું હતું. પરંતુ આજે અમને તે સમર્થન આપવા બદલ અફસોસ છે. અમારાથી ભૂલ થઈ ગઈ.'

રેડ્ડીએ આગળ કહ્યું કે, પરીક્ષકની નિમણૂક કોઈ વિદ્યાર્થી દ્વારા ન કરી શકાય. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જો નિમણૂક કોઈ તટસ્થ કે નિષ્પક્ષ સંસ્થા દ્વારા કરવામાં ન આવે, તો પ્રમાણિક ચૂંટણી કમિશનરને પણ ટીકાઓનો સામનો કરવો પડે છે.

કાયદામાં 2023ના સુધારાથી એ સુનિશ્ચિત થયું કે ચૂંટણી કમિશનરોની પસંદગી એવી સમિતિ દ્વારા કરવામાં આવશે જેમાં વડાપ્રધાન, વડાપ્રધાન દ્વારા નામાંકિત એક કેબિનેટ મંત્રી અને લોકસભાના વિપક્ષી નેતા સામેલ હોય. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અગાઉ આ પસંદગી પ્રક્રિયાનો ભાગ હતા, પરંતુ નવા કાયદા હેઠળ રચાયેલી સમિતિમાંથી તેમને બહાર રાખવામાં આવ્યા છે.

## આશુતોષ-સૌરવની ન્યાયિક કસ્ટડી બે દિવસ વધારાઈ

નવી દિલ્હી

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના નેતા આશુતોષ રાંકા અને સૌરવ દાસની ન્યાયિક કસ્ટડી બે દિવસ માટે વધારી દેવામાં આવી છે. સોમવારે બંનેને મંદિર માર્ગ પોલીસ સ્ટેશનમાં વિશેષ કાર્યકારી મેજિસ્ટ્રેટ (એસઈએમ) સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે બંને નેતાઓની ન્યાયિક કસ્ટડી વધારવાની માગ કરી હતી, જેને મેજિસ્ટ્રેટે મંજૂર કરી લીધી. હવે તેમને બુધવારે ફરીથી રજૂ કરવામાં આવશે. બંને 14 ઓક્ટોબરથી તિહાડ જેલમાં બંધ છે. આરોપ છે કે તેમણે જંતર-મંતર પર પ્રદર્શન કરવા માટેના પ્રતિબંધોનું ઉલ્લંઘન કર્યું હતું. બીજી તરફ, સીજેપીએ આરોપ લગાવ્યો છે કે બંને નેતાઓની મુક્તિમાં જાણીજોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે. CJPએ પોલીસ અને વહીવટીતંત્ર પર નેતાઓની મુક્તિમાં ઈરાદાપૂર્વક વિલંબ કરવાનો આરોપ લગાવ્યો છે. CJPએ જણાવ્યું કે તે નેતાઓની મુક્તિ માટે કાનૂની કાર્યવાહી કરશે.

## ટાઈગર શ્રોફ પર ફાયરિંગની ઘટનામાં પોલીસે ત્રણ યુવકોની કોટાથી ધરપકડ કરી

### બે આરોપી હરિયાણાના રહેવાસી

મુંબઈ

મુંબઈમાં એક્ટર ટાઈગર શ્રોફ પર થયેલા ફાયરિંગની ઘટનામાં પોલીસે ત્રણ યુવકોની રાજસ્થાનના કોટા રેલવે સ્ટેશન પરથી ધરપકડ કરી છે. તેમાંથી બે આરોપી હરિયાણાના સોનીપતના અને એક બિહારનો રહેવાસી છે. યુવાનોમાંથી એકનું નામ રેહાન છે, જ્યારે બીજો સગીર છે. રેહાનના પિતાએ જણાવ્યું કે તેમનો પુત્ર વેલ્ડિંગનું કામ શીખવા ગયો હતો, પરંતુ ત્યારબાદ તે પાછો ફર્યો નથી. આ કેસમાં ફાયરિંગની જવાબદારી લેનાર ગેંગસ્ટર અનિલ પંડિત હરિયાણાના પાણીપત જિલ્લાના રેરકલાં ગામનો રહેવાસી છે. તે 2022માં નોકરી માટે દુબઈ ગયો હતો અને 2024માં ડંકી રૂટ મારફતે અમેરિકા પહોંચ્યો હતો. ભારત છોડતા પહેલાં દેશમાં તેના વિરુદ્ધ એક પણ કેસ નોંધાયેલો નહોતો, પરંતુ અમેરિકા પહોંચ્યા બાદ તે લૉરેન્સ ગેંગ સાથે જોડાઈ ગયો અને હેરી બોક્સરના સંપર્કમાં આવ્યો. હવે વિદેશમાં બેસીને તે ભારતમાં ખંડણી માંગવા અને ગોળીબાર જેવી ઘટનાઓ કરાવવાના નેટવર્કમાં સક્રિય છે.



## મણિપુરમાં ચોવીસ કલાકમાં 4 લોકોની હત્યા

### મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર મૃતદેહ રાખીને પ્રદર્શન, પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા

ગ્વાલિયર

મણિપુરમાં ચોવીસ કલાકમાં હિંસાની બે ઘટનાઓમાં 4 લોકોની હત્યા કરવામાં આવી. રવિવારે રાત્રે થૌબલ જિલ્લામાં બે સમુદાયો વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું. સોમવારે જંગલમાંથી લાકડાં લેવા ગયેલા ત્રણ લોકોની ઉગ્રવાદીઓએ ગોળી મારીને હત્યા કરી દીધી. ઘટના બાદ સ્થાનિક લોકોએ ઈમ્ફાલમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાનની બહાર મૃતદેહો રાખીને વિરોધ પ્રદર્શન કર્યું. બીજી ઘટના ઈમ્ફાલ ઈસ્ટ અને કાંગપોકપી જિલ્લાઓની સરહદ પર બની. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગોળીબારમાં ચાર લોકો ઘાયલ થયા છે અને ત્રણ લોકો હજુ પણ ગુમ છે. આ ઘટના કાંગપોકપીના ખોંગબાલ સુનુરોક ઉયોકમાં બની હતી. આ સ્થળ ઈમ્ફાલ ઈસ્ટના નોંગશુમ ગામથી થોડા મીટરના અંતરે છે. સોમવારે સવારે આશરે 7 વાગ્યે 16 લોકો લાકડાં લેવા પહાડીઓ પર ગયા હતા. મૃતકોની ઓળખ અરુબામ રોનિલ (35) અને લૈરેનલકપમ ઈનાઉબી (51) તરીકે થઈ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેઓ લાકડા લેવા ગયેલા સમૂહમાં સામેલ હતા. આ દરમિયાન શંકાસ્પદ ઉગ્રવાદીઓએ તેમના પર ઘાત લગાવીને હુમલો કર્યો. ઘટનામાં ઘાયલ થયેલા ચાર લોકોમાંથી ક્ષ દેવનની હાલત ગંભીર છે. પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા.




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

પાક્કો ગુજરાત
મંગળવાર। 20 ઓક્ટોબર 2026 । અમદાવાદ



## જામનગરના નવાગામ ઘેડમાં સમાધાન માટે ભેગા થયેલા બે જૂથો વચ્ચે હથિયાર ઊછળ્યા

જામનગર

જામનગર શહેરના નવાગામ ઘેડ વિસ્તારમાં ગરબી જોવા જતી વખતે થયેલી સામાન્ય બોલાચાલીનું સમાધાન કરાવવાના પ્રયાસ દરમિયાન બે જૂથો વચ્ચે ઉગ્ર તકરાર થતાં મામલો લોહિયાળ ધીંગાણામાં પરિણમ્યો હતો. હનુમાન મંદિર નજીક મોડી રાત્રે સમાધાન માટે એકત્ર થયેલા બંને પક્ષના લોકો વચ્ચે બોલાચાલી બાદ લોખંડના પાઈપ, પાવડાના હાથા અને લાકડાના ધોકા વડે સામસામા હુમલા થયાના આક્ષેપો સાથે પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી છે. આ અથડામણમાં બંને પક્ષના ત્રણ યુવાનોને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી, જેમાં એક યુવાનને 14 જેટલા ટાંકા લેવા પડ્યા હતા. બનાવ અંગે સિટી બી-ડિવિઝન પોલીસ મથકમાં બંને પક્ષની સામસામી ફરિયાદોના આધારે કુલ 7 શખ્સો સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ, નવાગામ ઘેડ વિસ્તારમાં હનુમાન ચોક નજીક મહાકાળી મંદિર પાસે રહેતા અને મજૂરીકામ કરતા હિતેશભાઈ અશોકભાઈ શિંગાળા (ઉં.વ.25)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, બનાવના ત્રણેક દિવસ પહેલાં તેમના જૂના મિત્ર મયુર રાજેશભાઈ બાવરીયા પોતાની પત્ની કિરણબેન સાથે મોટરસાઈકલ પર ગરબી જોવા જઈ રહ્યા હતા.

## ફાફડા-જલેબીની દુકાનો પર ફૂડ વિભાગનું ચેકિંગ, મોબાઈલ ટેસ્ટિંગ વાન હોવા છતાં લોકો ખાઈ લીધા પછી આવશે રિપોર્ટ!

વડોદરા

વડોદરા શહેરમાં આવતીકાલે મંગળવાર(20 ઓક્ટોબર) દશેરા પર્વની ઉજવણી સાથે જલેબી-ફાફડાની મિજબાની માણવા સ્વાદરસિકો તૈયાર છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જલેબી-ફાફડાના વેચાણ માટે ઠેરઠેર મંડપો ઊભા થઈ ગયા છે. દશેરાના દિવસે લાખો રૂપિયાના ફાફડા અને જલેબીનું વેચાણ થવાની શક્યતા વચ્ચે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને શુદ્ધતા જળવાય તે જરૂરી છે. જો કે, કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવતા નમૂનાના અહેવાલ સામાન્ય રીતે 15 દિવસ પછી મળતા હોવાથી તહેવારના દિવસે લોકો જે ખાદ્ય પદાર્થો આરોગશે તેની ગુણવત્તા અંગે તાત્કાલિક ખાતરી મેળવવી મુશ્કેલ બને છે.

દશેરા પર્વને ધ્યાનમાં રાખીને કોર્પોરેશનની ખોરાક શાખાની ટીમોએ આજે(19 ઓક્ટોબર) શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. રેસ્ટોરન્ટ, દુકાનો અને જલેબી-ફાફડાના વેચાણ માટે ઊભા કરાયેલા મંડપોમાં ચેકિંગ કરીને ફાફડા અને જલેબીના નમૂના લેવામાં આવ્યા હતા. ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવે છે, પરંતુ તેના અહેવાલ મળતાં સમય લાગે છે. પરિણામે તહેવાર દરમિયાન મોટા પ્રમાણમાં વેચાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે સમયસર જાણકારી મેળવવાનો સવાલ ઊભો થાય છે. ખાદ્ય પદાર્થોની સ્થળ પર જ પ્રાથમિક તપાસ કરી શકાય તે માટે મોબાઈલ ટેસ્ટિંગ વાનની સુવિધા ઉપલબ્ધ છે.

## સિક્કામાં ગરબી જોઈને પરત ફરતા દંપતિના સ્કૂટરને બાઈકે ટક્કર અકસ્માત, પતિનું મોત

જામનગર

સિક્કામાં જી.ઈ.બી.ની ગરબી જોઈને સ્કૂટર પર પત્ની અને પુત્રી સાથે ઘરે પરત ફરી રહેલા યુવાનના સ્કૂટરને સામેથી પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ધસી આવેલી ત્રણ સવારીવાળી મોટરસાઈકલે ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સ્કૂટરચાલક યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો, અને દંપત્તિ ખંડિત થયું છે. અકસ્માતમાં યુવાનની પત્નીને પણ ઈજા થઈ હતી, જ્યારે તેમની પુત્રીનો આબાદ બચાવ થયો હતો. આ બનાવ અંગે સિક્કામાં આંગણવાડી પાસે રહેતાં સેજલબેન ભાવપરી તેજપરી ગોસાઈ (ઉં.વ.30)એ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા.18 ઓક્ટોબરની રાત્રે તેઓ તેમના પતિ ભાવપરી અને પુત્રી સાલીની સાથે જીજે-10-ઈએલ-1385 નંબરના જ્યુપિટર સ્કૂટર પર જી.ઈ.બી.ની ગરબી જોવા ગયાં હતાં. ગરબી જોઈને રાત્રે આશરે એક વાગ્યે ઘરે પરત ફરતાં તળાવ સામેના માર્ગ પર પહોંચ્યા હતા, ત્યારે સામેથી જીજે-10-ઈજી-2744 નંબરની મોટરસાઈકલ પર ત્રણ સવારીમાં આવતા ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવી તેમના સ્કૂટરને ટક્કર મારી હતી. ટક્કર વાગતાં સ્કૂટર પર સવાર ત્રણેય નીચે પટકાયાં હતાં. સેજલબેનને જમણા પગમાં, હાથમાં અને માથાના ભાગે ઈજા થઈ હતી, જ્યારે તેમના પતિને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા.

## ખંભાળિયા નજીક યાત્રાળુ ભરેલું ટેમ્પો ટ્રાવેલર પલટી, 12 મુસાફરો ઈજાગ્રસ્ત

ખંભાળિયા-જામનગર હાઈવે માર્ગ પર આજે (19મી ઓક્ટોબર) વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી દ્વારકા દર્શનાર્થે જઈ રહેલું મુસાફરો ભરેલું ટેમ્પો ટ્રાવેલર અચાનક ચાલકના કાબૂ બહાર જતાં રોડ નીચે ઉતરીને પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માતમાં આશરે 12 જેટલા મુસાફરોને ઈજાઓ પહોંચી હતી.

ખંભાળિયા-જામનગર હાઈવે પર જાખર ગામ નજીક વહેલી સવારે 6 વાગ્યે ગમખ્વાર અકસ્માત સર્જાયો. અમદાવાદથી દ્વારકા દર્શને જઈ રહેલું ટેમ્પો ટ્રાવેલર ચાલકે કાબૂ ગુમાવતા પલટી ખાઈ ગયું. આ ઘટનામાં 12 જેટલા મુસાફરોને ઈજા પહોંચી હતી. 108 દ્વારા તમામને ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા.

મળતી માહિતી અનુસાર, ખંભાળિયા-જામનગર હાઈવે પર જાખર ગામના પાટીયા નજીક આજે સવારે આશરે 6 વાગ્યે ટેમ્પો ટ્રાવેલર વાહન પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો રોડની નીચે ખાબક્યો હતો અને પલટી મારી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા 12 મુસાફરોને ત્વરિત પ્રાથમિક સારવાર આપીને ખંભાળિયાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

### ધર્મના પવિત્ર ઓઠા હેઠળ ચાલતા મહાપાખંડનો વિસ્ફોટ

# સાગરચંદ્ર સાગરના વાયરલ કાંડનું સૌથી ઘાતક, કાળજું કંપાવનારું અને દગાવી દેનારું નગ્ન સત્ય!

અધર્મ, હવસ અને ભયાનક પાખંડના પાયા પર ઊભેલા સામ્રાજ્યને જમીનદોસ્ત કરતો પાક્કો ગુજરાત ન્યૂઝનો આ અહેવાલ સમગ્ર જૈન સમાજ, ધર્મપ્રેમી જનતા અને આસ્થાવાનોની આત્માને હચમચાવી દેવા માટે પૂરતો છે. જૈન મુનિ સાગરચંદ્ર સાગરના અત્યંત અસંસ્કારી, નગ્ન અને ધર્મને કલંકિત કરતા ફોટા તથા સાધ્વીજી સાથેના કથિત અશ્લીલ વીડિયો કોલના સ્ક્રીનશોટ્સ સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થયા બાદ જે ભયાનક સત્ય સામે આવ્યું છે, તેણે સમગ્ર દેશમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.




### બોગસ રિપોર્ટ્સ અને જુઠ્ઠાણાની આડશમાં મીડિયા અને સમાજને ગુમરાહ કરવાનો કાયરતાપૂર્ણ ખેલ!

અત્યાર સુધી મુનિ સાગરચંદ્ર સાગર અને તેમના વફાદાર સિન્ડિકેટ દ્વારા પોતાની કાળી કરતૂતો પર પડદો પાડવા માટે પાક્કો ગુજરાત ન્યૂઝ સમક્ષ અત્યંત ચાલાકીપૂર્વક કેટલાક નકલી પુરાવાઓ અને ખાનગી લેબોરેટરીના બનાવટી રિપોર્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ કાગળોમાં ગંભીરતાપૂર્વક દાવો કરવામાં આવ્યો હતો કે વાયરલ થયેલા તમામ નગ્ન ફોટા સંપૂર્ણપણે એડિટેડ અને મોર્ફ્ડ એટલે કે ડિજિટલી છેડછાડ કરીને બનાવવામાં આવ્યા છે. એક જવાબદાર મીડિયા તરીકે શરૂઆતમાં આ રજૂ કરાયેલા કાગળોના આધારે સાવચેતી રાખવામાં આવી હતી.

પરંતુ જૈન ધર્મના સાચા ધર્મરક્ષકો, જાગૃત અગ્રણીઓ અને સંસ્કારી વડીલોએ જ્યારે ભારે આક્રોશ સાથે અમારો સંપર્ક કરીને ચીસ પાડીને કહ્યું કે આ મહાજુઠ્ઠાણું છે અને અસલી કરતૂતો પડદા પાછળ છુપાવવામાં આવી રહી છે, ત્યારે પાક્કો ગુજરાત ન્યૂઝે સત્ય અને પત્રકારત્વની પવિત્ર ધરોહરને આગળ ધરીને આ કેસની ચારેય દિશામાં કાળઝાળ તપાસ કરવાનો નિર્ધાર કર્યો!

### ગાંધીનગર સરકારી ફોરેન્સિક લેબનો ધ્રુજાવી દેનારો વિસ્ફોટક રિપોર્ટ: 100% અસલી, કોઈ એડિટિંગ નહીં!

સત્યના મૂળ સુધી પહોંચવા માટે પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા આ તમામ વાયરલ થયેલા નગ્ન ફોટાઓ અને અશ્લીલ વીડિયો સ્ક્રીનશોટ્સને કોઈ સામાન્ય જગ્યાએ નહીં, પરંતુ ગાંધીનગર સ્થિત અત્યંત કડક, વિશ્વસનીય અને સરકાર માન્ય સરકારી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) માં તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા. હવે સરકારી લેબ દ્વારા જે સત્તાવાર રિપોર્ટ બહાર આવ્યો છે, તેણે મુનિ સાગરચંદ્ર સાગરના કથિત પાયાને મુળમાંથી સળગાવી દીધો છે! સરકારી તપાસે સાબિત કરી દીધું છે કે:

વાયરલ થયેલા તમામ નગ્ન ફોટા અને અશ્લીલ વીડિયો સ્ક્રીનશોટ્સ ૧૦૦% અસલી છે, તેમાં કોઈ જ શંકાને સ્થાન નથી!

આ ફોટાઓમાં કોઈ પણ પ્રકારનું ડિજિટલ એડિટિંગ, છેડછાડ કે મોર્ફિંગ કરવામાં આવ્યું જ નથી!

મુનિ સાગરચંદ્ર સાગર દ્વારા મીડિયા અને તપાસકર્તાઓને ભ્રમિત કરવા માટે રજૂ કરાયેલા ખાનગી લેબના તમામ રિપોર્ટ્સ તદ્દન બનાવટી, ગેરમાર્ગે દોરનારા અને ગુનાહિત કાવતરાનો ભાગ હતા!

### સમાજનો આક્રોશ: સાધુતાના વેશમાં છુપાયેલા હવસખોરોનો કાયમી અંત ક્યારે?

શ્વેતાંબર વસ્ત્રો અને સાધુતાના પવિત્ર ઓઠા હેઠળ બેસીને આવા અધર્મી તત્વો આખા જૈન ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાને લોહીના આંસુ રડાવી રહ્યા છે. નિર્દોષ સાધ્વીઓ અને શ્રદ્ધાળુઓને પોતાની ઘાતક હવસ અને લાલસાનો શિકાર બનાવનારા તથા ધર્મના નામે અત્યાચાર આચરનારા આવા કુસાધુઓને હવે જૈન સમાજમાંથી દૂધમાંથી માખીની જેમ બહાર ફેંકી દેવાનો સમય આવી ગયો છે. આ માત્ર કોઈ એક વ્યક્તિનો ગુનો નથી, પરંતુ વર્ષોની ભક્તિ અને લાખો શ્રદ્ધાળુઓના અખંડ વિશ્વાસ પર કરવામાં આવેલો સૌથી ક્રૂર અને વિષધર પ્રહાર છે!

ભગવાન મહાવીરે સમાજમાં સત્ય, અહિંસા, સંયમ અને પવિત્રતાના પાઠ શીખવ્યા હતા. પરંતુ સાગર સમુદાયના કેટલાક કુસાધુઓએ જૈન ધર્મને બાનમાં લઈને કાળો ડાગ લગાડવાનું કામ કર્યું છે. સાગરચંદ્ર સાગર પાસે સાધ્વીઓ પોતાનું જીવન સમર્પિત કરીને ધર્મ પાલન અર્થે દીક્ષા ગ્રહણ કરવા આવી હતી, પરંતુ આ કુસાધુઓએ પોતાની ઘાતક હવસ સંતોષવા સાધ્વીઓને પોતાની માયાજાળમાં ફસાવી શારીરિક શોષણ કર્યું હતું અને વીડિયો કોલ દ્વારા અશ્લીલતા આચરી હતી. આ સમુદાયના અન્ય કેટલાક કુસાધુઓ પણ આ જ રીતે શોષણના ઝાળ ફેલાવી રહ્યા છે. આવા પાખંડીઓના વસ્ત્રો ઉતારીને તેમને સમાજમાંથી કાયમ માટે બહિષ્કૃત કરવા જ પડશે!

### કાનૂની શસ્ત્ર ઉગામશે પાક્કો ગુજરાત ન્યૂઝ: સીધી પોલીસ એફઆઈઆર થશે!

પત્રકારત્વના ચોથા સ્તંભને બોગસ પુરાવાઓ ધરીને ગેરમાર્ગે દોરવાના ગંભીર અપરાધ બદલ અને સમાજની આસ્થા સાથે દગો કરવા બદલ પાક્કો ગુજરાત ન્યૂઝ હવે મુનિ સાગરચંદ્ર સાગર વિરુદ્ધ સીધી કાનૂની લડાઈ લડીને પોલીસ એફઆઈઆર (FIR) દાખલ કરાવવા જઈ રહ્યું છે! કાયદાની કડક તલવાર હવે આ પાખંડના પાયાને કાપી નાખશે!

આવતીકાલના મહાસનસનાટીપૂર્ણ અંકમાં અચૂક જુઓ: આવા નકલી સાધુઓનો અસલી ચહેરો કાળો કરી દેતા તમામ જીવતાજાગતા પુરાવાઓ, અસલી ફોટાઓ અને પડદા પાછળની ખતરનાક કહાનીનો વિગતવાર અહેવાલ - માત્ર અને માત્ર પાક્કો ગુજરાત ન્યૂઝ પર!

અમારો એકમાત્ર ધર્મ છે: અસલી, નગ્ન અને અપરિવર્તનીય સત્ય સીધું જનતાની સમક્ષ લાવવું!

### ખાખી પર ખતરો

## મહુધામાં બુટલેગરો બન્યા બેફામ, દારૂની રેડ કરવા ગયેલી પોલીસ ટીમ પર જીવલેણ હુમલો!

મહુધા

ગુજરાતમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે બુટલેગરોનું મનોબળ ક્યાં સુધી વધી ગયું છે તેનો વધુ એક રુંવાડા પડાતો કિસ્સો સામે આવ્યો છે. ખેડા જિલ્લાના મહુધા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંકતી ઘટના બની છે, જ્યાં દેશી-વિદેશી દારૂના ધંધા પર રેડ કરવા ગયેલી પોલીસ ટીમ ઉપર માથાભારે બુટલેગરોએ અચાનક લોહિયાળ હુમલો કરી દીધો હતો. આ ઘટનાએ સમગ્ર પોલીસ વિભાગ અને સ્થાનિક પ્રશાસનમાં ભારે હચમચ મચાવી દીધી છે.



મળતી વિગતો અનુસાર, મહુધા વિસ્તારમાં અસામાજિક તત્વો અને બુટલેગરોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે એક કુખ્યાત બુટલેગર દ્વારા મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે અને તેનું વેચાણ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે ખાખીધારી પોલીસકર્મીઓની ટીમ તાત્કાલિક ધોરણે સ્થળ પર રેડ કરવા માટે પહોંચી હતી. પરંતુ, પોલીસ રેડ કરવા આવશે તેની અગાઉથી જ ગંધ આવી ગઈ હોય તેમ માથાભારે બુટલેગર અને તેના ગુનેગાર સાગરિકો પહેલેથી જ હથિયારો સાથે તૈયાર બેઠા હતા. જ્યોતિ કે કાયદાનો ડર રાખ્યા વગર, આ બુટલેગરોએ ફરજ પર હાજર પોલીસ કર્મીઓ પર લાકડીઓ, ધોકા અને ઘાતક હથિયારોથી હુમલો કરી દીધો. અચાનક થયેલા આ હુમલાથી પોલીસ કર્મચારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. બુટલેગરોની આ હિંસાત્મક હરકતથી સ્પષ્ટ થાય છે કે તેમના હૌસલા કેટલા બુલંદ થઈ ગયા છે કે હવે તેમને કાયદો કે ખાખીનો કોઈ જ ભય રહ્યો નથી.

આ જીવલેણ હુમલામાં દારૂની રેડ કરવા ગયેલા પોલીસકર્મીઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. ફરજ પરના બહાદુર જવાનોએ સામેથી સ્થિતિ સંભાળવાનો પ્રયાસ કર્યો પરંતુ બુટલેગરો અંધારાનો લાભ લઈને અને ધાકધમકીઓ આપીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત પોલીસ જવાનોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો અને એલસીબી (LCB) તથા એસઓજી (SOG) ની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

### વડોદરાવાસીઓ ચેતજો!

## ગિરધન, ઘી કિંગ, અમૃત અને રાધા કેશવના નામે ખવાઈ રહ્યું છે ઝેરી અને નકલી ઘી!

વડોદરા

વડોદરાના રસોડામાં રોજરોજ વપરાતું શુદ્ધ ઘી ખરેખર શુદ્ધ છે કે પછી તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે? જો તમે પણ બજારમાંથી ગિરધન, ઘી કિંગ, અમૃત કે રાધા કેશવ જેવી જાણીતી બ્રાન્ડ્સનું ઘી ખરીદીને આરોગતા હોવ, તો આ અહેવાલ તમારા હોશ ઉડાવી દેવા માટે પૂરતો છે. વડોદરા શહેરમાંથી સામે આવેલો આ નકલી ઘીનો કારોબાર એટલો ઘાતક અને ભયાનક છે કે જાણીને કાળજું કંપી જાય. વડોદરામાં ગ્રાહકોને અસલ અને શુદ્ધ ઘીના નામે ભેળસેળયુક્ત, હાનિકારક અને નકલી ઘી ધાબડવામાં આવી રહ્યું હતું. લોકો તહેવારોમાં કે રોજિંદા જીવનમાં પવિત્રતા અને સ્વાસ્થ્યના હેતુથી જે બ્રાન્ડેડ ઘી પર ભરોસો મૂકે છે, તે જ બ્રાન્ડ્સની આડમાં ખતરનાક કૌભાંડ ચાલી રહ્યું હતું. ફૂડ સેફ્ટી



વિભાગ અને તપાસ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા ધાકડ દરોડામાં ખુલાસો થયો છે કે વડોદરા અને આસપાસના વિસ્તારોમાં નીચે મુજબની બ્રાન્ડ્સના નામે નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ ધમધમી રહ્યું હતું: ગિરધન (Girdhan), ઘી કિંગ (Ghee King), અમૃત (Amrut), રાધા કેશવ (Radha Keshav). આ તમામ નામાંકિત બ્રાન્ડ્સના ખોખા અને પેકિંગનો દુરુપયોગ કરીને ગ્રાહકોની આંખમાં ધૂળ નાખવામાં આવી રહી હતી અને બજારમાં મોટા પ્રમાણમાં નકલી ઘી ઠાલવવામાં આવી રહ્યું હતું. આ નકલી ઘી બનાવનારા માફિયાઓ એટલા ચતુર હતા કે તેઓ અસલ જેવું જ દેખાતું અને સુગંધ ધરાવતું કેમિકલયુક્ત અને સસ્તી ચરબીવાળા પદાર્થોનું મિશ્રણ તૈયાર કરતા હતા. ગ્રાહકોને એમ જ રહે કે તેઓ પ્રખ્યાત કંપનીનું અસલ ઘી ખરીદી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતામાં તેઓ પોતાના જ પરિવારના સ્વાસ્થ્યને ગંભીર બીમારીઓ તરફ ધકેલી રહ્યા હતા.

### મનરેગા કૌભાંડ અને શ્રમિકોના શોષણ પર મહાવિસ્ફોટ

## પરસેવાની કમાણી પર ભાજપ સરકારનો ડાકો વિરુદ્ધ 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો કાળઝાળ રિપોર્ટ!

ગાંધીનગર/ભાવનગર

ગુજરાતને 'વિકાસશીલ' અને 'મોડેલ સ્ટેટ' ગણાવતી ભારતીય જનતા પાર્ટી સરકારનો સૌથી ઘૃણાસ્પદ, સંવેદનહીન અને લોહીઉકાળો લાવનારો ચહેરો આજે સમગ્ર રાજ્ય સામે ખુલ્લો પડી ગયો છે. રાજ્યના ખૂણે-ખૂણે કાળી મજૂરી કરીને કાળજું બાળતા ગરીબ શ્રમિકોના હક્કના કરોડો રૂપિયા ડબાવીને બેઠેલી સરકાર સામે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને પૂર્વ રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે અખબારી પરિષદ યોજીને જે પુરાવા રજૂ કર્યા છે, તેણે રાજ્યના રાજકારણમાં અને શ્રમજીવી વર્ગમાં દગાવી દેનારો ભૂકંપ સર્જી દીધો છે!

કોઈપણ દેશ કે રાજ્યના નિર્માણમાં પાયાનો પથ્થર બનેલા મહેનતકશ શ્રમિકોના પરસેવાનું મૂલ્ય ચૂંકવવામાં વર્તમાન સરકારે સરેઆમ નિષ્ફળતા દાખવી છે. દિલ્હીમાં જ્યારે ડૉ. મનમોહન સિંહજી વડાપ્રધાન હતા અને યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધીજી હતા, ત્યારે ગ્રામીણ શ્રમિકોની આજીવિકા સુનિશ્ચિત કરવા માટે મનરેગા (MGNREGA) જેવો ઐતિહાસિક કાયદો લાવવામાં આવ્યો હતો. આ કાયદા મુજબ: શ્રમિકે કરેલા કોઈપણ કામનું ચુકવણું માત્ર ૧૫ જ દિવસમાં તેના બેંક ખાતામાં જમા થવું કાયદાકીય રીતે ફરજિયાત છે.

પરંતુ ગુજરાતમાં ૨૦ જૂન ૨૦૨૬થી અથાક પરસેવો પાડનારા લાખો શ્રમિકોને તેમના હક્કની કમાણીનો એક રૂપિયો પણ ચૂકવાયો નથી!

નવરાત્રી અને દશેરા જેવા મોટા તહેવારો વીતી ગયા, પરંતુ ગરીબ શ્રમિકોના ઘરમાં ચૂલો સળગાવવાના પણ ફાફા પડી ગયા છે.

ભાવનગર જિલ્લાનો ચોંકાવનારો આંકડો: ૨.૬૬ કરોડથી વધુ રકમ બાકી!

શક્તિસિંહ ગોહિલે માત્ર આક્ષેપો નથી કર્યા, પરંતુ તારીખ ૧૭/૦૯/૨૦૨૬ના રોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) ભાવનગરના નિયામકશ્રી દ્વારા ગ્રામ વિકાસ કમિશનરને લખાયેલા સત્તાવાર પત્રની નકલ મીડિયા સમક્ષ મૂકીને સરકારના જુઠ્ઠાણાંનો પર્દાફાશ કર્યો છે. સરકારી ચોપડે નોંધાયેલા આંકડા મુજબ:

શ્રમિકોનું ચુકવણું: ભાવનગર જિલ્લામાં કામ કરી ચૂકેલા ગરીબ મજૂરોના રૂ. ૨,૬૬,૦૧,૮૫૦/- (બે કરોડ છાસઠ લાખ એક હજાર આઠસો પચાસ) છેલ્લા કેટલાય મહિનાઓથી ચૂકવ્યા વગર બાકી રખાયા છે!

મેટ્સ (સુપરવાઈઝરો)નું શોષણ: મનરેગામાં કામ કરાવતા સુપરવાઈઝરો (મેટ) ના માત્ર ભાવનગર જિલ્લામાં જ રૂ. ૧,૦૪,૪૩,૩૧૩/- (એક કરોડ ચાર લાખ તેતાલીસ હજાર ત્રણસો તેર) બાકી બોલે છે!

ભાવનગર સરકારી નિયામકના પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારાયું છે કે તાલુકાવાર લાખો રૂપિયા બાકી હોવાના કારણે શ્રમિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

આર્થિક સંકટમાં ઘેરાયેલા શ્રમિકો હવે આંદોલન અને આત્મહત્યા કરવાની ચીમકી આપી રહ્યા છે! આમ છતાં, સંવેદનહીન તંત્રના પેટનું પાણી હલતું નથી. આ જ મનરેગા યોજનામાં ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ મંત્રીઓ સહિતના કથિત નેતાઓના ભ્રષ્ટાચારની કાળી કમાણીના કિસ્સાઓ એક પછી એક બહાર આવ્યા છે.

એક તરફ ભાજપના આકાઓ મનરેગામાંથી મલાઈ તારવે છે અને બીજી તરફ કાળી મજૂરી કરતો શ્રમિક પોતાના પરિવારનું પેટ ભરવા માટે ભીખ માગવા મજબૂર બન્યો છે!

### જેતપુરના ખીરસરા ગામે

## બજરંગ ચોક ગરબી મંડળની બાળાઓએ રાસ રમી માતાજીની આરાધના કરી

જેતપુર

નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખીરસરા ગામે બજરંગ ચોક ગરબી મંડળ દ્વારા પરંપરાગત ગરબીનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૨૩ વર્ષથી યોજાતી આ ગરબીમાં બાળાઓએ વિવિધ રાસગરબાની રમઝટ બોલાવી માતાજીની આરાધના કરી હતી. ખાસ કરીને બાળાઓ દ્વારા રજૂ કરાયેલા રાસ ઉપસ્થિત સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.



ખીરસરા ગામના બજરંગ ચોક ખાતે યોજાતી આ ગરબીમાં ગામના ભાઈઓ, બહેનો, યુવાનો અને વડીલો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી બાળાઓનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા હતા. નવરાત્રીના નવ દિવસ દરમિયાન અહીં ભક્તિ, પરંપરા અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળે છે. ગરબી મંડળમાં A ગ્રુપ અને B ગ્રુપની અંદાજે ૩૨ બાળાઓ ભાગ લે છે. બાળાઓ દ્વારા પરંપરાગત રાસગરબા સાથે તલવાર રાસ રમીને સુંદર રજૂઆત કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન ગામના લોકો દ્વારા બાળાઓને અલગ-અલગ દિવસે આઈસ્ક્રીમ, બિસ્કિટ સહિતની વિવિધ લ્હાણીઓ આપવામાં આવે છે, જેના કારણે બાળાઓમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળે છે. આ ઉપરાંત દશેરાના પવિત્ર પર્વે રાવણદહનના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે.

પાક્કો ગુજરાત
મંગળવાર | 20 ઓક્ટોબર 2026 | અમદાવાદ

## શક્તિપીઠ અંબાજીમાં આઠમે ભવ્ય મહાયજ્ઞ સંપન્ન

# દાંતા રાજપરિવારની પરંપરાગત આહુતિથી ગુંજી ઉઠ્યું જગતજનનીનું ધામ!

### ગબ્બરની પવિત્ર ગોદમાં વસેલા આ મહાશક્તિપીઠ પર નવરાત્રીના આઠમા નોરતે માં અંબાના દર્શન અને યજ્ઞના લ્હાવો લેવા માટે માનવમહેરામણ ઉમટી પડ્યું હતું




અંબાજી

આદ્યશક્તિ મા અંબાના પવિત્ર ધામ અને દેશભરના ૫૧ શક્તિપીઠોમાં અગ્રણી સ્થાન ધરાવતા ઐતિહાસિક અંબાજી ખાતે નવરાત્રીના મહાપર્વની દિવ્ય, અલૌકિક અને ભવ્ય ઉજવણીઓ ચાલી રહી છે. આસો સુદ આઠમના અત્યંત પવિત્ર, શાસ્ત્રોક્ત અને મહાપર્વના દિવસે માં અંબાના નિજ મંદિર પરિસરમાં ભવ્ય મહાયજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સદીઓ જૂની સનાતન શાસ્ત્રોક્ત પરંપરા અને વૈદિક વિધિ-વિધાનો અનુસાર દાંતા રાજપરિવાર દ્વારા યોજાયેલા આ ભવ્ય મહાયજ્ઞમાં લાખો આસ્થાવાનો અને હજારો ભક્તોએ ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી હતી.

નવરાત્રીની દુર્ગાષ્ટમી (આઠમ) ના પાવન દિવસે આદ્યશક્તિ માતાજીની ઉપાસના, અર્ચના અને યજ્ઞ-હવનનું હિન્દુ ધર્મમાં અદ્વિતીય અને વિશેષ મહત્વ રહેલું છે. આ પવિત્ર અવસરે દાંતા રાજપરિવારના સભ્યોની વિશેષ ઉપસ્થિતિ અને શાસ્ત્રોક્ત આગેવાની હેઠળ અંબાજી નિજ મંદિર પરિસરમાં ભવ્ય મહાયજ્ઞનું ભવ્યાતિભવ્ય આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

યજ્ઞ મંડપમાં વિદ્વાન આચાર્યો અને બ્રાહ્મણો દ્વારા ઉચ્ચારિત વૈદિક મંત્રોના ગુંજારવ વચ્ચે આખી અંબાજી નગરી મંત્રમુગ્ધ બની ગઈ હતી. વિધિ-વિધાન સાથે આચાર્યોના માર્ગદર્શન હેઠળ યજ્ઞમાં પવિત્ર આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. રાજવી પરંપરા અને અખંડ આસ્થાના પ્રતીક સમાન આ મહાયજ્ઞના દિવ્ય દર્શન કરવા માટે ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાંથી દૂર-દૂરથી માઈભક્તો અને શ્રદ્ધાળુઓ અંબાજી ખાતે ઉમટી પડ્યા હતા. આઠમના આ મહાયજ્ઞ, યજ્ઞની પૂર્ણાહુતિ અને હવનના પવિત્ર પ્રસંગે સમગ્ર અંબાજી નગર અને મંદિર પરિસર 'જય અંબે', 'જગતજનની મા અંબા કી જય' અને 'બોલો અંબે માત કી જય'ના જયનાદથી ગુંજી ઉઠ્યું હતું. ગબ્બરની પવિત્ર ગોદમાં વસેલા આ મહાશક્તિપીઠ પર નવરાત્રીના આઠમા નોરતે માં અંબાના દર્શન અને યજ્ઞના લ્હાવો લેવા માટે માનવમહેરામણ ઉમટી પડ્યું હતું.

## આટકોટમાં વાડીમાંથી રૂ.5.24 લાખનો ગેરકાયદેસર ગાંજો ઝડપાયો

### રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ની સફળ રેડ, એક આરોપીની અટકાયત



રાજકોટ

રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવી રહેલી સાય નોટો ડ્રગ્સ ઝુંબેશ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. બ્રાંચને એક મોટી સફળતા મળી છે. એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એફ.એ. પારગી તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.બી. મિશ્રા અને તેમની ટીમ આટકોટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન એ.એસ.આઈ. ક્રિપાલસિંહ જાડેજા તથા હેડ.કોન્સ પીયુષભાઈ અઘેરા અને નેમિષભાઈ મહેતાને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે કરમાળ કોટડા ગામની સીમમાં આવેલ સારણ નદી પાસે રેડ કરવામાં આવી હતી. પોલીસની આ રેડ દરમિયાન, પોતાની કબ્જા ભોગવટા વાળી વારસાઈ વાડી (ખેતર) માં ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય માદક પદાર્થ (ગાંજા) ના છોડનું વાવેતર કરનાર આરોપી લાભુભાઈ કરશનભાઈ ચાવડા (રહે. ગામ-દેતડીયા, તા. કોટડાસાંગાણી, જી. રાજકોટ) ને ઝડપી પાડવામાં આવ્યો છે. પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે તેને ગાંજો પીવાની ટેવ હોવાથી તેણે પોતાની વાડીમાં આ ગેરકાયદેસર વાવેતર કર્યું હતું.

## બારિયા ગામના પેટાપરામાં પાણીની સમસ્યા યથાવત: બકતરિયામાં 5 વર્ષમાં બીજો બોર બનાવ્યો છતાં પાણી નથી મળતું

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બારિયા ગામના બકતરિયા પેટાપરામાં પીવાનાં પાણીની સમસ્યા છે. 5 વર્ષ પહેલાં જૂનો બોર નિષ્ફળ ગયા બાદ નવો બનાવ્યો પરંતુ તેમાં પાણી ન હોવાથી અને મોટર, વીજ કનેક્શન તથા પાઈપલાઈનની વ્યવસ્થા ન થતાં સ્થાનિકોને પાણી માટે 1-2 કિમી દૂર ખેતરોમાં જવું પડે છે.

ગ્રામ પંચાયતને અરજી અને WASMO પોર્ટલ પર ફરિયાદ કરવા છતાં સ્થાનિકો પાણીથી વંચિત હોઇ, પાણી મળવાની રાહ જોઈ રહ્યાં છે. બોર બનાવવાનો હેતુ લોકોને પાણીની સુવિધા આપવાનો હોય છે, પરંતુ જરૂરી વ્યવસ્થા ન થતાં તેનો ઉપયોગ થઈ શકતો નથી.

પાણી જેવી પાયાની સુવિધા માટે લોકોને વલખાં મારવાં પડતાં હોવાની રજૂઆત વચ્ચે બોર બનાવ્યા બાદ તેને કાર્યરત કરવાની વ્યવસ્થા કેમ કરાતી નથી તેવો સવાલ ઊઠ્યો છે.

આ અંગે બારિયા ગામના સરપંચ હિંમતસિંહ ચૌહાણે જણાવ્યું કે, અગાઉનો બોર ફેઈલ થયો હતો અને પછી બનાવેલા નવા બોરમાં પાણી નથી. નવા બોરનું સ્થળ સર્વે નંબરમાં આવતું હોવાથી વીજળીનું કનેક્શન મળતું નથી. બારિયામાં મોટા બોરમાં પાણી આવે છે, પણ બકતરિયા પેટાપરા ગામથી દૂર ખેતરોમાં વસેલો વિસ્તાર હોવાથી ત્યાં સુધી પાણી પહોંચાડવા નવી પાઈપલાઈન નાખવી પડે તેમ છે. આ અંગે તેમણે આગળ રજૂઆત કરી છે. સ્થાનિક અલ્પેશ ચૌહાણના જણાવ્યા મુજબ, પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે 20 જૂન, 2025ના રોજ ગ્રામ પંચાયતના સરપંચને લેખિત અરજી આપી હતી. એ ઉપરાંત WASMOના સરકારી પોર્ટલ પર પણ ફરિયાદ નોંધાવી હતી. ઉપલબ્ધ સ્ક્રીનશૉટ મુજબ, ફરિયાદ WASMO ગાંધીનગર કચેરીને સોંપી હતી.

### 9.91 લાખનો મુદ્દામાલ જપ્ત!

## રાજકોટના શાપર વેરાવળમાં નકલી જંતુનાશક દવાનો મોટો વિસ્ફોટ: LCB અને ખેતીવાડી વિભાગનો દરોડો

રાજકોટ

રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ વિસ્તારમાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર સાથે મોટો દગો કરતા એક અત્યંત શરમજનક અને ખતરનાક કૌભાંડનો પર્દાફાશ થયો છે. કોરાટ સ્કૂલ સામે આવેલી 'તીર્થ બાયોટેક ઈન્ડસ્ટ્રીઝ' નામની ફેક્ટરીમાં એલ.સી.બી. (LCB) પોલીસ અને ખેતીવાડી અધિકારીઓની સંયુક્ત ટીમે સરપ્રાઈઝ દરોડો પાડીને નામચીન અને જાણીતી કંપનીઓના ખોટા બ્રાન્ડેડ લેબલ લગાવીને બોગસ જંતુનાશક દવાઓ બનાવવાનું મોટું નેટવર્ક ઝડપી પાડ્યું છે!



પોલીસ અને ખેતીવાડી વિભાગની ટીમે જ્યારે ફેક્ટરીમાં કડક તપાસ હાથ ધરી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ફેક્ટરીમાંથી કોઈ પણ જાતના કાયદેસરના લાયસન્સ કે બિલ વગરની જંતુનાશક દવાઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી લાયસન્સ વગરની જંતુનાશક દવાની 904 બોટલો, વિવિધ નામાંકિત કંપનીઓના બનાવટી સ્ટીકરો, પેકિંગ મટિરિયલ અને અન્ય સાધનસામગ્રી મળીને કુલ રૂપિયા ૯,૯૧,૦૦૦/- (૯.૯૧ લાખ) નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દરોડા દરમિયાન તપાસ અર્થે લેવાયેલા ૧૮ જેટલા નમૂનાઓમાંથી ૧૬ નમૂના લેબોરેટરીમાં અપ્રમાણિત (ફેલ) સાબિત થયા છે, જે દર્શાવે છે કે આ દવાની અંદર ખેડૂતોના પાકને નુકસાન પહોંચાડે તેવા ઝેરી અને બોગસ કેમિકલ્સ વાપરવામાં આવતા હતા!

ખેડૂતોની આસ્થા અને મહેનત પર પાણી ફેરવીને પોતાનું ખિસ્સું ભરતા બે મુખ્ય સૂત્રધારો સામે પોલીસે સકંજો કસ્યો છે. રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતા જીતેશ વઘાસીયા અને અશ્વીન સાવલીયા સામે કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધીને તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ખેડૂતોના લોહી-પરસેવાની કમાણી પર ભાંડિયું મારનારા કાળા કારોબારીઓ!

અન્નદાતા ગણાતા ખેડૂતો પોતાના પાકની રક્ષા માટે મોંઘા ભાવે જંતુનાશક દવાઓ ખરીદતા હોય છે, પરંતુ 'તીર્થ બાયોટેક ઈન્ડસ્ટ્રીઝ' જેવા પાખંડી એકમો જાણીતી કંપનીઓના નામે કચરો પધરાવીને ખેડૂતોના આખા પાકને બરબાદ કરી રહ્યા હતા. આ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ રાષ્ટ્રના અન્નદાતા સાથે કરવામાં આવેલો મોટો વિશ્વાસઘાત છે.

## ગઠિયાઓ 25,000ના વાયરો કાપી જતાં પોલીસમાં ફરિયાદ થઈ

### બની રહેલા મકાનમાંથી તમામ સ્વિચ બોર્ડ અને મોટરના વીજવાયર ચોરાયા

ગાંધીનગર

ગાંધીનગર શહેરના શાંત ગણાતા સેક્ટર-7માં તસ્કરોએ નવા બનતા મકાનને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે, જ્યાં તસ્કરોએ એક નવા બનતાં મકાનને નિશાન બનાવી અંદરથી હજારો રૂપિયાના ઈલેક્ટ્રિક વાયર કાપીને ચોરી લીધા હતા.

પોલીસસૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી માહિતીના આધારે સે. 7/એ ખાતે જીતેન્દ્રસિંહ ગણપતસિંહ રાઠોડના પ્લોટમાં નવા મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે.

આ મકાનમાં પાંચેક મહિના પહેલા ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ કરાયું હતું, પણ મકાનનું કામ ચાલુ હોવાથી સ્વિચ બોર્ડ ફિટ કરવાના બાકી હતા, જીતેન્દ્રસિંહ નવા બનતાં મકાનને ચણતર અને પ્લાસ્ટર પર પાણી છાંટવા આવ્યા હતા.

સાંજે સાડા છ વાગે પાણી છાંટી તેઓ પોતાના ઘરે પાછા ફર્યા હતા. દરમિયાન રાતના સમયે અંધારાનો લાભ લઈ તસ્કરો મકાનમાં ઘૂસ્યા હતા.

બીજા દિવસે એટલે કે 17 ઓક્ટોબરે સવારે 7 વાગે જ્યારે જીતેન્દ્રસિંહ પોતાના નવા મકાને પહોંચ્યા, ત્યારે મકાનની અંદર સ્વિચ બોર્ડમાંથી વાયર છૂટા થઈ બહાર લટકતા હતા.

શંકા જતાં તેમણે અંદર જઈ તપાસ કરતા ભોંયતળિયાના બેઠક રૂમ, રસોડું, ડાઈનિંગ રૂમ તથા પહેલા માળના રૂમોના સ્વિચ બોર્ડમાંથી ઈલેક્ટ્રિક વાયરો ખેંચીને કાપી લેવાયા હતા. એટલું જ નહીં, મકાનની બહારના ભાગે બનાવેલી પાણીના અંડરગ્રાઉન્ડ સમમાં મુકેલી પાણીની મોટરનો વાયર ચોર કાપી ગયા હતા.

### આણંદ સેવા સદનનો મોટો વિસ્ફોટ

## વોર્ડ નં.13માં નવી ગટરલાઈન ચાલુ થાય તે પહેલાં જ ધાંધિયા!

આણંદ



કરમસદ-આણંદ મહાનગરપાલિકા (KAMC) તંત્ર અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો એક ચોંકાવનારો અને લજ્જાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. વોર્ડ નંબર ૧૩માં કરોડોના ખર્ચે નવી બની રહેલી ગટરલાઈન હજુ તો વિધિવત ચાલુ પણ નહોતી થઈ, ત્યાં જ રોડ પર 'ટીચિંગ-ટીચિંગ' (ધાંધિયા અને થીગડાં) મારવાનું ચાલુ કરી દેવાતાં સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. આ લોલમલોલ અને હલકી ગુણવત્તાના કામ અંગે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા સનસનાટીપૂર્ણ અહેવાલ પ્રસિદ્ધ કરાતાં જ મહાનગરપાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટરમાં ભારે અફરાતફરી મચી ગઈ છે!

'પાક્કો ગુજરાત ન્યૂઝ'માં અહેવાલ પ્રગટ થયાના માત્ર ૨૪ કલાકની અંદર જ ધૂંઆપૂંઆ થયેલા કોન્ટ્રાક્ટરે રાતોરાત બ્રેકર મશીન લાવીને નવું બનાવેલું કામ તોડી પાડવાની ફરજ પડી હતી. તોડી પાડેલી એ જ જગ્યાએ ઉતાવળે રિપેરિંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. અહીં સૌથી મોટો અને ઘાતક સવાલ એ ઊભો થાય છે કે: જો કામ સંપૂર્ણપણે યોગ્ય અને ગુણવત્તાસભર હતું, તો અહેવાલ આવતાની સાથે જ તેને તોડવાની નોબત કેમ આવી? અગાઉ જ્યારે કોન્ટ્રાક્ટર દ્વારા એવો બચાવ કરવામાં આવ્યો હતો કે આ તો 'ટચિંગ' કામ છે, તો પછી ૨૪ કલાકમાં બ્રેકર મશીનથી આખું કામ તોડીને નવેસરથી કેમ કરવું પડ્યું?

ભ્રષ્ટાચારની ગંધ: ઉચ્ચ સ્તરીય તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે તેમ છે! વોર્ડ નં. ૧૩ના જાગૃત નાગરિકો અને સનિષ્ઠ રહીશો આક્ષેપ કરી રહ્યા છે કે આણંદ મહાનગરપાલિકાના આ કામમાં લોટ, પાણી ને લાકડા જેવી નીતિ અપનાવવામાં આવી છે.

## બુલેટ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને સુરતથી ઝડપી પાડ્યો

ભરૂચ

ભરૂચ જિલ્લાના વાલીયા પોલીસ સ્ટેશનમાં બુલેટ મોટરસાયકલ ચોરીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડે સુરતના ડુમ્મસ લોકડાઉન બીચ ખાતેથી ઝડપી પાડ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે વાલીયા પો.સ્ટે.માં નોંધાયેલા ગુનામાં પકડવાનો બાકી આરોપી શેરમોહમદ ઉર્ફે બાબુ ઉસ્માનભાઈ સિંધી હાલ ડુમ્મસના લોકડાઉન બીચ ખાતે રહે છે. આ બાતમીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે ડુમ્મસ ખાતે તપાસ હાથ ધરી હતી.

બાતમી, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે આરોપી શેરમોહમદ ઉર્ફે બાબુ ઉસ્માનભાઈ સિંધીને ઝડપી પાડ્યો હતો. આરોપી મૂળ હાફીદાનિયા કા તલા, તામલિયાર, બાડમેર (રાજસ્થાન) નો રહેવાસી છે અને હાલ ડુમ્મસ, સુરત ખાતે રહેતો હતો.

આરોપી વિરુદ્ધ ભારતીય નાગરિક ન્યાય સંહિતાની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે તેને વાલીયા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### પીપલગ ચોકડી ખાતે નવદુર્ગા ગરબા મહોત્સવની ભવ્ય ઉજવણી

## મહુધાના ધારાસભ્ય સંજયસિંહ મહિડાની પ્રેરણાદાયી ઉપસ્થિતિ!

મહુધા

આસો નવરાત્રીના પાવન અને પવિત્ર દિવસો દરમિયાન સમગ્ર વિસ્તારમાં ભક્તિ, શક્તિ અને આરાધનાનો માહોલ છવાઈ ગયો છે. પીપલગ ચોકડી ખાતે અત્યંત ભવ્ય અને દિવ્ય રીતે આયોજિત 'નવદુર્ગા ગરબા મહોત્સવ'માં મહુધા વિધાનસભા મતક્ષેત્રના લોકપ્રિય ધારાસભ્ય સંજયસિંહ મહિડાએ વિશેષ ઉપસ્થિતિ આપીને મા અંબાના દર્શન-પૂજન કરી ધન્યતા અનુભવી હતી.

પીપલગ ચોકડી ખાતે આયોજિત ગરબા મહોત્સવના સ્થળે ધારાસભ્ય સંજયસિંહ મહિડાનું આયોજકો અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા ઉષ્માભર્યું અને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત જનમેદની વચ્ચે



ધારાસભ્યશ્રીએ મા આદ્યશક્તિ નવદુર્ગાની ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી અને માં અંબાની મહાઆરતીમાં ભાગ લીધો હતો.

માં નવદુર્ગાના ચરણોમાં શિશ નમાવીને તેમણે ક્ષેત્રના અને સમગ્ર ગુજરાતના નાગરિકોના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે મહુધાના ધારાસભ્ય સંજયસિંહ મહિડાએ માતાજીના આશીર્વાદ લેતા ભાવુક થઈને જણાવ્યું હતું કે, 'મા નવદુર્ગાના આશીર્વાદ આપણી સંસ્કૃતિ અને પરંપરાનો પાયો છે. પીપલગ ચોકડી ખાતે આટલા સુંદર અને ભક્તિમય ગરબા મહોત્સવમાં હાજરી આપીને મને ખૂબ જ આનંદ અને ધન્યતાની અનુભૂતિ થઈ છે. જગતજનની માં અંબાના ચરણોમાં મારી એક જ પ્રાથના છે કે સમગ્ર મહુધા પંથકના તેમજ તમામ નાગરિકોના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને ખુશીઓ સદાકાળ બની રહે.' ગરબા મહોત્સવ દરમિયાન પરંપરાગત વેશભૂષામાં સજ્જ થયેલા નાના બાળકો, યુવાનો અને ખેલૈયાઓએ મા અંબાની આરાધના રૂપે ગરબે ઘૂમીને ભારે આકર્ષણ જમાવ્યું હતું. ધારાસભ્ય સંજયસિંહ મહિડાની ઉપસ્થિતિથી ખેલૈયાઓ અને આયોજકોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

## ડિજિટલ માયાજાળ: AI લવલીના પ્રેમમાં પાગલ 49 વર્ષીય શખ્સે સર્વસ્વ લૂંટાવ્યું!

### 1,930 કિલોમીટરની મુસાફરી કરી લગ્ન કરવા પહોંચેલા પ્રેમીને મળ્યો જિંદગીનો સૌથી મોટો આંચકો; ઓનલાઈન પ્રેમિકા કોઈ યુવતી નહીં પણ નીકળી કાલ્પનિક AI કેરેક્ટર!

ગાંધીનગર

આજના આધુનિક યુગમાં ટેકનોલોજી જેટલી આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે, તેનાથી પણ વધુ ખતરનાક અને ઘાતક રૂપ ધારણ કરી રહી છે. સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના કાળા કારનામાનો એક એવો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે, જે સાંભળીને કોઈપણના હોશ ઊડી જશે. બ્રાઝિલમાં બનેલી આ ઘટનાએ આખી દુનિયાને સ્તબ્ધ કરી દીધી છે, જ્યાં પ્રેમમાં અંધ બનેલા એક વ્યક્તિએ AIના માયાજાળમાં ફસાઈને પોતાની આખી જિંદગીની કમાણી અને સંપત્તિ હોમી દીધી.



બ્રાઝિલના રહેવાસી 49 વર્ષીય એક વ્યક્તિને સોશિયલ મીડિયા પર એક અજાણી સુંદર યુવતી સાથે મુલાકાત થઈ હતી. ધીમે ધીમે આ વાતચીત ગાઢ પ્રેમસંબંધમાં પરિણમી. ઓનલાઈન વાતો કરતી વખતે આ વ્યક્તિને જરાય શંકા ન ગઈ કે તે જેની સાથે પોતાના ભવિષ્યના સપના વણી રહ્યો છે, તે ખરેખર કોઈ જીવતી-જાગતી સ્ત્રી છે જ નહીં.

સામસામે થઈ રહેલી મીઠી-મીઠી વાતો, પ્રેમભર્યા મેસેજ અને ભવિષ્યમાં સાથે જીવવાના વચનોથી અંધ બનેલા આ પ્રેમીએ તે યુવતી સાથે લગ્ન કરવાનો મક્કમ નિર્ધાર કરી લીધો. પ્રેમમાં પાગલ બનેલા આ વ્યક્તિએ ન જોયું આગું કે ન જોયું પાછું; લગ્ન કરીને નવું જીવન શરૂ કરવા માટે તેણે પોતાની તમામ જંગમ અને સ્થાવર સંપત્તિ વેચી મારી અને રોકડ રકમ એકઠી કરી લીધી.

## 700 વર્ષ જૂના ઐતિહાસિક ડભોઈ બહુચરાજી મંદિરે આઠમે ભવ્ય હવન અને લોકમેળો: ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું!

ડભોઈ

ઐતિહાસિક અને પૌરાણિક મહત્ત્વ ધરાવતી દર્ભાવતી નગરી (હાલનું ડભોઈ) પોતાની અનોખી ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસત માટે જાણીતી છે. ડભોઈ નગરની પશ્ચિમ દિશામાં આવેલા કુંભારવાગા વિસ્તાર ખાતે સોલંકી યુગનું અત્યંત પ્રાચીન અને ઐતિહાસિક શ્રી બહુચરા માતાજીનું મંદિર આવેલું છે. લોકવાયકા અને ઈતિહાસકારોના મતે, રાજા વિશળદેવના સમયનું આ મંદિર આશરે ૬૦૦ થી ૭૦૦ વર્ષ જૂનું છે, જ્યાં સદીઓથી સમગ્ર પંથકના ભક્તોની અતૂટ આસ્થા અને શ્રદ્ધા



જોડાયેલી છે. માતાજીના આ પાવન ધામ ખાતે દર રવિવારે ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક આનંદના ગરબાનું પઠન કરવામાં આવે છે. નવરાત્રી મહોત્સવ દરમિયાન નવે-નવ દિવસ સુધી ભાવિક ભક્તો દ્વારા સંપૂર્ણ ભક્તિભાવ અને શ્રદ્ધા સાથે આનંદના ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. નવરાત્રીના પવિત્ર આસો સુદ આઠમના પાવન અવસરે મંદિર પરિસરમાં વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ભવ્ય હવન-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં પૂર્ણાહુતિ આપી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સાંજે ૫:૩૦ કલાકના સુમારે મંદિર પરિસરમાં વર્ષોની પરંપરા મુજબ ભવ્ય લોકમેળો ભરાયો હતો, જેમાં લોકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. કુંભારવાગા સ્થિત બહુચરા માતાજી ભક્તોની દરેક મનોકામના પૂર્ણ કરે છે તેવી દ્રઢ માન્યતાને પગલે આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ સમગ્ર નગરમાંથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. દર્શનાર્થીઓએ કતારબદ્ધ થઈ માતાજીના દર્શન-પૂજન કરી ધન્યતા અનુભવી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા. આ સમગ્ર ધાર્મિક ઉત્સવ તથા મેળાનું સુચારુ સંચાલન અને સુંદર આયોજન મંદિરની દેખરેખ રાખતા આયોજક મહેશભાઈ પંડ્યા, નયનાબેન સોની, લાલીબેન સુરતી, દેવર્ષિભાઈ પંડ્યા તેમજ કૈલાશબેન ભટ્ટ સહિતના ઉત્સાહી આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ...

## 2027નું રણસંગ્રામ અને કોંગ્રેસ-આપ ગઠબંધન: સત્તાના સમીકરણો કે રાજકીય મજબૂરી?

ગાંધીનગર મહાનગરપાલિકા (મનપા) ચૂંટણીના પરિણામો અને ત્યારબાદ રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગાંધીનગરના આંકડાઓ ભલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના હોય, પરંતુ તેના તરંગો સીધા જ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી સુધી લંબાઈ રહ્યા છે. હાલ રાજ્યના રાજકીય વર્તુળોમાં સૌથી મોટો સવાલ એ ચર્ચાઈ રહ્યો છે કે, શું ૨૦૨૭માં ભાજપને સત્તા પરથી હટાવવા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) એ સાથે મળીને લડવું જોઈએ? એક પ્રખ્યાત રાજકીય વિશ્લેષકના મતે જો આ બંને પક્ષો અલગ લડશે તો તેનો સીધો અને મોટો ફાયદો ભારતીય જનતા પાર્ટી (BJP) ને થશે, જ્યારે ગઠબંધન કરવામાં આવે તો તે સત્તાધારી પક્ષ માટે એક ગંભીર પડકાર ઊભો કરી શકે છે.

### 1. ગાંધીનગર મનપા પરિણામોનો બોધપાઠ: વેરવિખેર વિરોધ મતદારોનું નુકસાન

ગાંધીનગર મનપા કે ગુજરાતની અન્ય ચૂંટણીઓનો ઈતિહાસ તપાસીએ તો એક સ્પષ્ટ ટ્રેન્ડ જોવા મળે છે – જ્યારે-જ્યારે વિરોધ પક્ષો (ખાસ કરીને કોંગ્રેસ અને આપ) અલગ-અલગ ચૂંટણી લડ્યા છે, ત્યારે-ત્યારે વિરોધ પક્ષના વોટ્સનું વિભાજન (Vote Splitting) થયું છે.

### જો ભાજપ વિરોધી મતો બે ભાગમાં વહેંચાઈ જાય, તો તેનો સીધો લાભ સત્તાધારી પક્ષને બેઠકોની ગણતરીમાં મળી જાય છે.




જો આ બંને પક્ષો ભૂતકાળની લડાઈઓ ભૂલીને ગ્રાઉન્ડ રિયાલિટી સ્વીકારે નહીં, તો ૨૦૨૭માં પણ ૨૦૨૨ જેવી જ પરિસ્થિતિ સર્જાઈ શકે છે, જ્યાં વિપક્ષો હોવા છતાં વિપક્ષી મતદારો લાચાર બની જાય છે.

### 2. ભાજપ માટે 'સેફ ઝોન' વિરુદ્ધ ' મુશ્કેલ ટક્કર'
### રાજકીય વિશ્લેષકોનું સ્પષ્ટ માનવું છે કે:

અલગ લડવું એટલે ભાજપની જીત સરળ બનવી: જો કોંગ્રેસ અને AAP પોતપોતાની તાકાત અજમાવવાની જીદ રાખશે, તો ત્રિપાંખીયા જંગમાં ભાજપના ઉમેદવારો માટે જીતની રાહ આસાન થઈ જશે. ગુજરાતના મતદારોમાં ભાજપ વિરોધી એક મોટો વર્ગ છે, પરંતુ તે બે પક્ષો વચ્ચે વહેંચાઈ જવાથી બિનસાંપ્રદાયિક કે પરિવર્તનવાદી મતદારોની તાકાત નબળી પડી જાય છે.

ગઠબંધન એટલે સત્તા માટેનો સીધો પડકાર: જો બંને દળો સમયસર સમજૂતી કરીને એક મંચ પર આવે, તો ભાજપ સામે એક મજબૂત અને વિકલ્પરૂપ મોરચો ઊભો થઈ શકે છે. આ ગઠબંધન માત્ર બેઠકોની સંખ્યા જ નહીં વધારશે, પરંતુ ભાજપના અજેય રથને રોકવા માટે એક પ્રચંડ રાજકીય દબાણ પણ પેદા કરશે.

### 2. ગઠબંધનના માર્ગમાં પડકારો અને વાસ્તવિકતા

કોંગ્રેસ અને AAP વચ્ચે ગઠબંધનની વાત જેટલી કાગળ પર સરળ લાગે છે, જમીની સ્તરે તેટલી જ જટિલ છે:

કાર્યકર્તાઓનો મનોબળ અને અસંતોષ: દાયકાઓથી એકબીજા સામે લડતા આવેલા કોંગ્રેસ અને આપના પાયાના કાર્યકર્તાઓને એક પ્લેટફોર્મ પર લાવવા એ મોટો પડકાર છે. ટિકિટોની વહેંચણી અને બેઠકોની ફાળવણી બંને પક્ષો માટે માથાનો દુખાવો બની શકે છે.

સંગઠનની મજબૂતાઈ: કોંગ્રેસ પાસે ગુજરાતના ગામે-ગામે જૂનું નેટવર્ક અને કેડર છે, જ્યારે AAP પાસે આક્રમક સોશિયલ મીડિયા, યુવા આકર્ષણ અને શહેરી વિસ્તારોમાં પકડ છે. જો બંને પક્ષો પોતપોતાની તાકાતનું 'સિર્નજી' (Synergy) પેદા કરી શકે, તો જ પરિણામો ધાર્યા પ્રમાણે આવી શકે.

### નિષ્કર્ષ: સમય પાકી ગયો છે, નિર્ણયો કઠિન છે!

રાજનીતિમાં 'ભાવનાઓ' કરતાં 'ગણિત' વધુ બોલે છે. ગાંધીનગર મનપાના પરિણામો આ વાતની સ્પષ્ટ ચેતવણી છે કે વિપક્ષી એકતા વગર સત્તાનું સમીકરણ બેસાડવું અસંભવ છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી હવે દૂર નથી. જો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સમયસર પોતાના અહંકાર અને મતભેદોને બાજુ પર મૂકીને વ્યુહાત્મક ગઠબંધન નહીં કરે, તો ગુજરાતમાં ભાજપ વિરોધી મતદારો નિરાશ થતા રહેશે અને ભાજપ સત્તાના સિંહાસન પર અડગ રહેશે.

હવે જોવાનું એ રહે છે કે ગુજરાતના વિપક્ષી નેતાઓ જનતાની અપેક્ષાઓને સમજીને કોઈ ઐતિહાસિક સમજૂતી કરે છે કે પછી ફરી એકવાર અલગ લડીને સત્તાને થાળીમાં ધરી દે છે?

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ન કોર્ટ, ન કાગળ, ન વિદાય... છતાં સંબંધનો અંત! – સાઈલન્ટ ડિવોર્સ
## એક જ છત નીચે રહેતાં બે અજાણ્યા લોકોની કહાની!

લગ્નજીવનનો સૌથી ભયંકર અંત એ નથી કે બે વ્યક્તિઓ કાયદાકીય રીતે અલગ થઈ જાય. સૌથી ભયંકર અંત એ છે કે તેઓ એક જ છત નીચે સાથે રહેતાં રહે, પણ એકબીજા માટે જીવવાનું બંધ કરી દે. 'સાઈલન્ટ ડિવોર્સ' (Silent Divorce) એટલે એવી પરિસ્થિતિ જ્યાં પતિ-પત્ની છૂટા નથી પડ્યા, પણ દિલમાંથી એકબીજાને ક્યારનાંય કાઢી મૂક્યાં છે. આમાં કોઈ વકીલ નથી, કોઈ કોર્ટની તારીખ નથી, છતાં સંબંધ અંદરથી સાવ ખોખલો થઈ ગયો હોય છે.



મૌન જ્યારે ઊધઈ બને...

શરૂઆતમાં ફરિયાદો થાય છે'તમે સમય નથી આપતા' અથવા 'તું મને સમજતી નથી'. પછી એ જ વાતો મોટા ઝઘડાનું સ્વરૂપ લે છે. પણ ધીમે ધીમે આ ફરિયાદો સાવ બંધ થઈ જાય છે. બંને માને છે કે બધું શાંત થઈ ગયું, પણ દરેક શાંતિ સુખની નિશાની નથી હોતી. જ્યારે સામેવાળી વ્યક્તિથી દલીલ કે ફરિયાદ કરવાનું જ બંધ થઈ જાય, ત્યારે સમજી લેવું કે અંદરથી સંબંધ સુધરવાની કોઈ આશા બચી નથી.

જ્યારે વ્યક્તિ ફરિયાદ કરે, ત્યારે કદાચ તે તમને સમજાવવા માગે છે; જ્યારે તે સતત મૌન રહે, ત્યારે સમજવું કે તેની લાગણીઓ મરી પરવારી છે.

એક જ ઘરમાં રહેતા બે અજાણ્યા લોકો

પતિ પોતાની દુનિયામાં વ્યસ્ત છે, પત્ની પોતાની જવાબદારીઓમાં. ઘરખર્ચ, બાળકોની ફી અને રોજિંદા કામની જ વાતો થાય છે, પણ 'આજે તારો દિવસ કેવો ગયો?' એવું પૂછવાની કોઈને ફુરસદ કે ઈચ્છા નથી. એક જ ટેબલ પર જમતાં બે લોકો વચ્ચે આખી જિંદગી જેટલું અંતર ઊભું થઈ ગયું હોય છે. તેઓ પતિ-પત્નીને બદલે માત્ર 'રૂમમેટ' બનીને જીવતા હોય છે.

ઘણાં દંપતીઓ માત્ર બાળકો ખાતર કે સમાજને દેખાડવા પૂરતો સંબંધ ખેંચે છે એક સામાજિક મહોરું લગ્નપ્રસંગો કે સોશિયલ ગેધરિંગમાં હસતા ચહેરે ફોટા પડાવે છે, જેથી સમાજમાં આબરૂ સચવાઈ રહે. પણ ઘરે પાછા ફર્યા પછી બંને પોતપોતાના રૂમમાં કે મોબાઈલમાં ખોવાઈ જાય છે.

બાળકો મોટાં થાય ત્યાં સુધી ખેંચી લઈએ તેવું વિચારનારા એ ભૂલી જાય છે કે બાળકોને માત્ર એક જ ઘરમાં રહેતા માતા-પિતા નહીં, પણ પ્રેમ અને સન્માનથી જીવતા સંબંધોનું ઉદાહરણ જોઈએ છે. બંધ દરવાજા પાછળનું આ અજાણ્યું અંતર બાળકના માનસપટલ પર ઊંડી નકારાત્મક અસર છોડે છે.

કોનો વાંક? અહંકાર કે થાક?

પતિને લાગે છે પત્ની બદલાઈ ગઈ છે, પત્નીને લાગે છે પતિ પહેલા જેવો રહ્યો નથી. બંને પાસે ભૂતકાળની મીઠી યાદો છે, પણ વર્તમાનમાં એ પ્રેમ પાછો લાવવા પહેલ કોણ કરે? અહંકાર કહે છે, 'હું શા માટે ઝૂકું?' અને થાક કહે છે, 'હવે જેવું ચાલે છે એવું ચાલવા દો.' આ જ ખેંચતાણમાં મહિનાઓ અને વર્ષો વીતી જાય છે. પ્રેમ મરી નથી જતો, પણ લાગણીઓ વ્યક્ત થવાની સાવ બંધ થઈ જાય છે. સંબંધોમાં સૌથી મોટી દૂરી કિલોમીટરની નથી હોતી, પણ એક જ છત નીચે રહેવા છતાં એકબીજાના મનની વાત ન સમજી શકવાની હોય છે.

શું સાઈલન્ટ ડિવોર્સમાંથી પાછા ફરી શકાય?

જો કોઈ સંબંધ આ તબક્કે પહોંચી ગયો હોય, તો તેને બચાવવાના રસ્તા હજુ પણ ખુલ્લા છે શરત માત્ર એટલી કે બંને પક્ષે ઈચ્છા હોવી જોઈએ

મૌન તોડો ખુલ્લા મનથી વાતચીત કરો. આપણે એકબીજાથી દૂર થઈ રહ્યાં છીએ એવું મને લાગે છે આવો એક નિખાલસ સંવાદ સંબંધમાં ફરી પ્રાણ પૂરી શકે છે.

આરોપ નહીં, લાગણી વ્યક્ત કરો 'તમે મને સમજતા નથી' કહેવાને બદલે 'જ્યારે મારી વાત સાંભળવામાં આવતી નથી, ત્યારે મને એકલતા લાગે છે' એમ કહો.

અહંકાર બાજુ પર મૂકો સંબંધમાં પહેલ કરવી એ નબળાઈ નથી. એકબીજાની ભૂલો કાઢ્યા વિના માત્ર સાંભળવાની આદત કેળવો.

સમય આપો મોબાઈલ કે ટીવી વિના એકબીજા સાથે સમય વિતાવો અને રોજિંદી જવાબદારીઓથી આગળ વધીને મનની વાતો કરો.

લગ્નનું પ્રમાણપત્ર એ સંબંધ જીવંત હોવાનો પુરાવો નથી. સાચી જીત એ નથી કે બે વ્યક્તિઓએ આખી જિંદગી એક જ ઘરમાં વિતાવી; સાચી જીત એ છે કે આખી જિંદગી સાથે વિતાવતાં તેઓ એકબીજાના મનમાં અજાણ્યા ન બની જાય. સંબંધને બચાવવો હોય તો મૌન કરતાં સંવાદને મોટો બનાવો અને અહંકાર કરતાં સમજણની જીત થવા દો.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

## દિલ્હીના વિરોધ પ્રદર્શનોની આંચ ગુજરાત સુધી ન પહોંચે તે માટે IB સક્રિય: આંદોલનકારીઓની કુંડળી તૈયાર કરવાનો ધમધમાટ!

ગાંધીનગર / અમદાવાદ

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાની માંગ સાથે ચાલી રહેલા તીવ્ર વિરોધ પ્રદર્શનો અને આંદોલનની આગ હવે ગુજરાતના રાજકારણમાં પણ તણખો ન ચાંપે તે માટે સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે. દિલ્હીના ઘટનાક્રમની સીધી અસર ગુજરાતમાં ન વર્તાય અને રાજ્યની શાંતિ ડહોળાય નહીં તે માટે ગુપ્તચર તંત્ર એટલે કે ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB) અત્યંત સક્રિય અને એલર્ટ મોડ પર આવી ગયું છે!

ગુજરાતમાં ગુપ્ત બેઠકો અને આંદોલનની તૈયારીઓની ચર્ચા વચ્ચે IBની એક્શન




સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં પણ કેટલાક યુવાનો અને ચોક્કસ જૂથો દ્વારા દિલ્હીના વિરોધના સમર્થનમાં કે પછી રાજ્યસ્તરે આંદોલન અને વિરોધ પ્રદર્શનો કરવાની ગુપ્ત તૈયારીઓ ચાલી રહી હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. આ ગતિવિધિઓની ગંધ આવતા જ ગુજરાત આઈબી (Intelligence Bureau) એ વિવિધ સ્તરે પોતાની ગુપ્તચર જાળ બિછાવી દીધી છે અને જમીની સ્તરેથી પળેપળની માહિતી એકત્ર કરવાની કામગીરી અત્યંત તેજ કરી દીધી છે.

આંદોલનકારીઓની પ્રોફાઈલ અને સોશિયલ મીડિયા પર બાજ નજર

સુરક્ષા એજન્સીઓ દ્વારા માત્ર રેકોર્ડ તપાસવામાં નથી આવી રહ્યા, પરંતુ આ સંભવિત આંદોલનકારીઓની પ્રવૃત્તિઓ પર અત્યાધુનિક ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સ દ્વારા નજર રાખવામાં આવી રહી છે:

ગતિવિધિઓ અને સંભવિત બેઠકો: આંદોલનકારીઓ ક્યાં અને ક્યારે ગુપ્ત બેઠકો યોજી રહ્યા છે, તેમની આગામી રણનીતિ શું છે તેની તલસ્પર્શી વિગતો મેળવવામાં આવી રહી છે.

સોશિયલ મીડિયા પર પહેરો: ફેસબુક, એક્સ (ટ્વિટર), ઈન્સ્ટાગ્રામ અને વૉટ્સએપ જેવી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ભડકાઉ સંદેશાઓ વહેતા કરનારા અને માહોલ ગરમાવવાની કોશિશ કરનારા શખસોની પ્રવૃત્તિઓ રેકોર્ડ કરવામાં આવી રહી છે.

વ્યાપક પ્રોફાઈલિંગ: ગુજરાતમાં અશાંતિ ફેલાવવાની ફિરાકમાં રહેલા અને વિરોધ પ્રદર્શનની આગેવાની કરી રહેલા શંકાસ્પદ આંદોલનકારીઓની કાળજીપૂર્વક વિગતવાર પ્રોફાઈલ (Dossier) તૈયાર કરવામાં આવી રહી છે, જેથી સમયસર કડક પગલાં લઈ શકાય.

## એક જીવનની કરુણ વિદાય...

કેટલીક ઘટનાઓ માત્ર સમાચાર બનીને નથી રહેતી, પરંતુ માનવસંવેદનાના અંતરમાં અનેક સવાલો છોડી જાય છે. ભાવનગરના વિશ્વરાજસિંહ ગોહિલના કરુણ અવસાનના સમાચારે પણ હૃદયને હચમચાવી દીધું છે. એક યુવાનનું જીવન આ રીતે અચાનક સમાપ્ત થઈ જવું એ માત્ર એક પરિવારની ખોટ નથી, પરંતુ સંબંધો, સંવાદ અને માનવીય સંવેદનાઓ વિશે વિચારવા મજબૂર કરતી ઘટના છે.

જીવનમાં લગ્ન એ બે વ્યક્તિઓ વચ્ચેના સંબંધની શરૂઆત છે. આ સંબંધ પ્રેમ, વિશ્વાસ, સમજણ અને પરસ્પર સન્માનથી મજબૂત બને છે. પરંતુ જ્યારે આ જ સંબંધમાં મતભેદો, આક્ષેપો અને કાયદાકીય વિવાદો ઊભા થાય છે, ત્યારે જીવન મુશ્કેલ બની શકે છે. વિશ્વરાજસિંહના લગ્નજીવનમાં વિવાદો થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. તેમણે અંતિમ વીડિયો દ્વારા પોતાની વ્યથા વ્યક્ત કરી હોવાની વિગતો પણ ચર્ચામાં છે. જોકે, ઘટનાનાં તમામ પાસાં અને આક્ષેપોની સત્યતા નિષ્પક્ષ તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે. આ ઘટના આપણને એક મહત્વપૂર્ણ પ્રશ્ન પૂછવા પ્રેરે છે–શું સંબંધોમાં ઊભા થતા વિવાદો વચ્ચે સંવાદની શક્યતાઓ ધીમે ધીમે સમાપ્ત થઈ રહી છે? શું આપણે સામેની વ્યક્તિની વાત સાંભળવા કરતાં તેના પર આક્ષેપ કરવામાં વધુ ઉતાવળ કરીએ છીએ? મતભેદો દરેક સંબંધમાં હોઈ શકે છે, પરંતુ મતભેદને મનભેદ બનતા અટકાવવા માટે ધીરજ, સમજણ અને સંવેદનાની જરૂર હોય છે.




કોઈ વ્યક્તિ અંદરથી કેટલી વ્યથા અનુભવી રહી છે, તેનો અંદાજ હંમેશાં તેના ચહેરા પરથી લગાવી શકાતો નથી. બહારથી સામાન્ય દેખાતી વ્યક્તિના મનમાં અનેક વિચારો અને સંઘર્ષો ચાલતા હોઈ શકે છે. તેથી જ પરિવાર, મિત્રો અને સમાજની જવાબદારી છે કે મુશ્કેલ સમયમાંથી પસાર થતી વ્યક્તિને એકલતા અનુભવવા ન દે. તેની વાત સાંભળે, તેને યોગ્ય માર્ગદર્શન આપે અને જરૂર પડે ત્યારે માનસિક આરોગ્યના નિષ્ણાતની મદદ મેળવવા પ્રોત્સાહિત કરે. આ ઘટનામાંથી કોઈ એક પક્ષને દોષિત ઠેરવવાને બદલે સત્ય બહાર આવે, નિષ્પક્ષ તપાસ થાય અને ન્યાયની પ્રક્રિયા યોગ્ય રીતે આગળ વધે એ જ જરૂરી છે. મહિલાઓને ઘરેલુ હિંસાથી રક્ષણ આપતા કાયદાઓનું મહત્ત્વ છે, અને સાથે જ દરેક ફરિયાદની ન્યાયસંગત તપાસ થવી પણ એટલી જ આવશ્યક છે. ન્યાયનો માર્ગ આક્ષેપો કે લાગણીઓના આધારે નહીં, પરંતુ તથ્યો અને પુરાવાઓના આધારે નક્કી થવો જોઈએ.

વિશ્વરાજસિંહના અવસાનથી તેમના પરિવારજનોના જીવનમાં જે ખાલીપો સર્જાયો છે, તે શબ્દોમાં વ્યક્ત કરવો મુશ્કેલ છે. એક વ્યક્તિની વિદાય સાથે અનેક સપનાં, આશાઓ અને યાદો પાછળ રહી જાય છે. પરિવાર માટે આ દુઃખ સહન કરવું અત્યંત કઠિન હોય છે. આવા સમયે સંવેદના વ્યક્ત કરવી, પરિવારની ગોપનીયતાનો આદર કરવો અને અપ્રમાણિત વાતો ફેલાવવાનું ટાળવું એ પણ આપણી સામાજિક જવાબદારી છે. જીવન ગમે તેટલી કઠિન કસોટી લે, પરંતુ મુશ્કેલીનો સમય કાયમી હોતો નથી. ક્યારેક એક સાચો મિત્ર, પરિવારના સભ્યનો પ્રેમાળ સ્પર્શ કે કોઈની શાંતિથી સાંભળવાની તૈયારી પણ નિરાશ વ્યક્તિને નવી હિંમત આપી શકે છે. જો કોઈ વ્યક્તિ જીવનથી હારી ગઈ હોય એવું લાગે, તો તેને એકલા ન છોડીએ; તેની વાત સાંભળીએ અને મદદ મેળવવા માટે તેની સાથે ઊભા રહીએ.

વિશ્વરાજસિંહની કરુણ વિદાય આપણને એટલું તો શીખવે જ છે કે સંબંધોમાં સંવાદ જીવંત રાખવો, મુશ્કેલીમાં માનવીય અભિગમ જાળવવો અને જીવન પ્રત્યે આશા ટકાવી રાખવી અત્યંત જરૂરી છે. કારણ કે સંબંધો તૂટી શકે છે, સંજોગો બદલાઈ શકે છે અને સમય મુશ્કેલ બની શકે છે; પરંતુ જીવન અમૂલ્ય છે. અંધકાર ગમે તેટલો ગાઢ હોય, આશાનો એક નાનકડો દીવો પણ નવી સવારની શરૂઆત બની શકે છે.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

## હૂથીઓનો યમનમાં મોટો પ્રહાર, મિસાઈલ હુમલામાં 53 લોકોના મોત, રિયાધમાં પણ પડી મિસાઈલો



દમાસ્ક

યમનમાં હૂથી વિદ્રોહીઓએ વિરામ બાદ મોટો હુમલો કર્યો છે. યમનની સરકારી સેનાના શબવા પ્રાંતમાં આવેલા મિલિટરી ટ્રેનિંગ કેમ્પ પર થયેલા આ ભીષણ મિસાઈલ હુમલામાં મૃત્યુઆંક વધીને 53 થઈ ગયો છે. હૂથી વિદ્રોહીઓએ આ હુમલા માટે ત્રણ બેલિસ્ટિક મિસાઈલો છોડી હતી, જેમાં ટ્રેનિંગ લઈ રહેલા સૈનિકોને નિશાના બનાવાયા હતા. રિયાધ અને સાઉદી અરેબિયા પર પણ હુમલા યમન ઉપરાંત હૂથીઓએ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ અને અન્ય વિસ્તારોને પણ નિશાના બનાવ્યા છે. રવિવારે નજરાનના એક રહેણાંક વિસ્તારમાં હૂથી જૂથનું એક પ્રોજેક્ટાઈલ પડવાથી છ નાગરિકો ઘાયલ થયા હતા, જ્યારે ત્રણ ઘર અને ત્રણ વાહનોને નુકસાન પહોંચ્યું હતું. અગાઉ 15-16 ઓક્ટોબર 2026 ના રોજ અદનમાં રાષ્ટ્રપતિ મહેલ (અલ-માશિક પેલેસ) પર પાંચ બેલિસ્ટિક મિસાઈલો દાગવામાં આવી હતી, જેમાં પાંચ લોકોનાં મોત થયા હતા અને 16 ઘાયલ થયા હતા. સાઉદી-નેતૃત્વવાળા ગઠબંધન દ્વારા આ મિસાઈલો અને ડ્રોનને અટકાવવા માટે જવાબી કાર્યવાહી જારી છે. ફેબ્રુઆરીના અંતથી મધ્ય પૂર્વમાં શરૂ થયેલા વ્યાપક ક્ષેત્રીય સંઘર્ષ વચ્ચે યમન અને સાઉદી અરેબિયામાં હૂથી હુમલાઓ વધુ તીવ્ર બન્યા છે. યમનમાં હૂથી વિદ્રોહીઓએ શબવા પ્રાંતના મિલિટરી ટ્રેનિંગ કેમ્પ પર 3 બેલિસ્ટિક મિસાઈલોથી મોટો હુમલો કર્યો છે. આ ભીષણ હુમલામાં 53 લોકોના મોત થયા છે. હુમલામાં તાલીમ લઈ રહેલા સૈનિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. યમન ઉપરાંત, હૂથીઓએ રિયાધ અને સાઉદી અરેબિયાના અન્ય વિસ્તારોને પણ નિશાન બનાવ્યા, જ્યાં 6 નાગરિકો ઘાયલ થયા હતા.

## મસ્કની મોટી જાહેરાત: અમેરિકાના દરેક બાળકને આપશે SpaceXનો 1 શેર

વૉશિંગ્ટન

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્કે ઐતિહાસિક જાહેરાત કરી છે. તેઓ પોતાની અગ્રણી રોકેટ નિર્માતા કંપની SpaceXનો એક-એક શેર અમેરિકાના દરેક બાળકને ભેટ તરીકે આપવા જઈ રહ્યા છે. મસ્કે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને પુષ્ટિ કરી છે કે તેઓ આવતા વર્ષથી આ પહેલ શરૂ કરશે અને આ તો માત્ર શરૂઆત છે, ભવિષ્યમાં આવા બીજા ઘણા પગલાં પણ લેવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્ર (UN) ના ડેટા પ્રમાણે હાલ અમેરિકામાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોની સંખ્યા આશરે 7.4 કરોડ જેટલી છે. વર્તમાન સમયમાં SpaceX ના એક શેરની કિંમત લગભગ 146 ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે 13,861 રૂપિયા છે. આ ગણતરી મુજબ એલોન મસ્ક પોતાના હિસ્સામાંથી કુલ મળીને 10.8 અબજ ડોલર એટલે કે અંદાજે 1.02 લાખ કરોડ રૂપિયાના શેર બાળકોને ભેટ આપશે. આ રકમ વિશ્વના આશરે 38 દેશોના કુલ વાર્ષિક GDP કરતાં પણ વધારે છે.

એલોન મસ્ક આ ખાનગી એરોસ્પેસ અને સેટેલાઈટ કંપનીના સૌથી મોટા શેરહોલ્ડર છે. તાજેતરની રેગ્યુલેટરી ફાઈલિંગ મુજબ, 30 જૂન સુધીમાં કંપનીમાં તેમનો હિસ્સો 48.4 ટકા હતો. તેમની પાસે SpaceXના કુલ આશરે 6.42 અબજ શેર છે. આમાં તેમના ટ્રસ્ટ હેઠળ રાખવામાં આવેલા 849.5 મિલિયન 'ક્લાસ A' શેર અને 3.92 અબજ 'ક્લાસ B' શેર સામેલ છે. આ સિવાય મસ્ક વ્યક્તિગત રીતે સીધા 1.30 અબજ 'ક્લાસ B' રિસ્ટ્રિક્ટેડ શેર ધરાવે છે, તેમજ સ્ટોક ઓપ્શન અંતર્ગત વધારાના 350 મિલિયન 'ક્લાસ B' શેર પર પણ તેમનો અધિકાર છે. મસ્કે હાલ આ શેર કઈ પ્રક્રિયા હેઠળ વહેંચવામાં આવશે તેની સંપૂર્ણ રૂપરેખા સ્પષ્ટ કરી નથી. આ માટે કયા બાળકો પાત્ર બનશે, શેર કઈ તારીખે ખાતામાં જમા થશે, સરકાર તરફથી કઈ મંજૂરીઓની જરૂર પડશે અને શેર સીધા બાળકોના નામે થશે કે કોઈ વિશેષ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કરાશે તેની વિગતો આવનારા દિવસોમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે SpaceX વિશ્વની સૌથી મૂલ્યવાન ખાનગી કંપનીઓમાં સામેલ છે, જે અંતરિક્ષ રોકેટ લોન્ચિંગ, સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ અને માનવ અંતરિક્ષ મિશન ક્ષેત્રે અગ્રણી કામગીરી કરી રહી છે.




પાક્કો ગુજરાત
મંગળવાર | 20 ઓક્ટોબર 2026 | અમદાવાદ

# ઝેર પી રહી છે જનતા : ગુજરાતના શાકભાજી અને ફળોમાં પેસ્ટિસાઇડ્સનો ભયાનક વિસ્ફોટ

## ખેતરોમાં વધુ ઉત્પાદન અને કમાણીની લાલચમાં વપરાતી ભયાનક જંતુનાશક દવાઓ (Pesticides) ના અવશેષો હવે સીધા નાગરિકોની થાળી સુધી પહોંચી રહ્યા છે!



ગાંધીનગર

દરેક નાગરિક પોતાના અને પોતાના પરિવારના સ્વાસ્થ્યને ઉત્તમ જાળવવા માટે રોજિંદી થાળીમાં ફળો અને લીલાં શાકભાજીનો ઉમેરો કરે છે. પરંતુ શું તમને ખબર છે કે જે શાકભાજી અને ફળોને તમે પૌષ્ટિક સમજીને આરોગી રહ્યા છો, તે વાસ્તવમાં ધીમું ઝેર (Slow Poison) બની ચૂક્યા છે? તાજેતરમાં જાહેર થયેલા અહેવાલે સમગ્ર ગુજરાત અને દેશભરમાં અરેરાટી મચાવી દીધી છે. ખેતરોમાં વધુ ઉત્પાદન અને કમાણીની લાલચમાં વપરાતી ભયાનક જંતુનાશક દવાઓ (Pesticides) ના અવશેષો હવે સીધા નાગરિકોની થાળી સુધી પહોંચી રહ્યા છે!

વર્ષ ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવેલા સત્તાવાર સર્વેક્ષણ અને તપાસ અહેવાલ મુજબ, ગુજરાતમાં ફળો અને શાકભાજીના કુલ ૬૦૩૫ નમૂના (સેમ્પલ્સ) એકત્ર કરીને તેનું બારીકાઈથી લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ ચોંકાવનારા રિપોર્ટમાં સામે આવ્યું છે કે: ગુજરાતમાંથી લેવાયેલા ૧૭૦ જેટલા સેમ્પલમાં પેસ્ટિસાઇડ્સનું પ્રમાણ કાયદાકીય મર્યાદા કરતાં અત્યંત વધારે અને આરોગ્ય માટે જોખમી સ્તરે મળી આવ્યું છે. ફળો અને શાકભાજી પર છંટાયેલી જંતુનાશક દવાઓના આ ઝેરી અવશેષો માનવ શરીરમાં કેન્સર, કિડનીની બીમારીઓ અને પાચનતંત્રના ગંભીર રોગો નોતરી શકે છે. સમગ્ર દેશના ૨૩ રાજ્યોમાં હાથ ધરાયેલા આ વ્યાપક અભિયાન હેઠળ કુલ ૭૦,૬૫૨ સેમ્પલ્સ લેવામાં આવ્યા હતા, જેમાંથી સરેરાશ ૩.૧ ટકા સેમ્પલ્સમાં પેસ્ટિસાઇડ્સનું પ્રમાણ ખતરનાક રીતે વધારે સાબિત થયું છે. દેશભરમાંથી સૌથી વધુ સેમ્પલ લેવાની યાદીમાં ગુજરાત ૬૦૩૫ સેમ્પલ્સ સાથે સમગ્ર દેશમાં ચોથા ક્રમે રહ્યું છે. આ યાદીમાં ૬૫૮૦ સેમ્પલ્સ સાથે ત્રીજા ક્રમે અન્ય રાજ્ય અને પડોશી રાજ્ય હિમાચલ પ્રદેશ ૫૭૬૫ સેમ્પલ્સ સાથે પાંચમા સ્થાને રહ્યું છે. સૌથી વધુ ઝેરી અને મર્યાદા બહારના પેસ્ટિસાઇડ્સ ધરાવતા સેમ્પલ્સમાં તેલંગાણા (૪૭૬ સેમ્પલ્સ) સાથે મોખરે રહ્યું છે, જ્યારે કર્ણાટક (૩૩૪ સેમ્પલ્સ) સાથે બીજા સ્થાને છે. આ વિસ્ફોટક અહેવાલ એ વાતની સ્પષ્ટ ચેતવણી છે કે સમસ્યાનો ઉકેલ શાકભાજી કે ફળો ખાવાનું બંધ કરવામાં નથી, પરંતુ 'ખેતરથી લઈને થાળી સુધી' (Farm to Fork) અન્ન સંપૂર્ણપણે સુરક્ષિત રહે તેની ખાતરી કરવામાં છે. ખેડૂતો દ્વારા અંધાધૂંધ વાપરવામાં આવતી રાસાયણિક દવાઓ પર કડક નિયંત્રણ લાવવું અને જૈવિક/ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવું હવે સમયની માંગ બની ગયું છે.

### ખાકી અને પાણી બંને હાંસિયામાં?

# વાવ-થરાદમાં ઉનાળા પહેલા જ ભયાનક જળસંકટના એંધાણ

બનાસકાંઠા

ગુજરાતમાં સુજલામ સુફલામ અને નર્મદાના નીરના મોટા-મોટા દાવાઓ વચ્ચે ઉત્તર ગુજરાતના સીમાવર્તી પંથકમાંથી એક અત્યંત ચિંતાજનક અને રુંવાડા પડાતા સમાચાર સામે આવ્યા છે. બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ વિસ્તારમાં આગામી ઉનાળાની સિઝનમાં પાણીનું ભયાનક સંકટ તોળાઈ રહ્યું છે. ખુદ સરકારના મંત્રી સ્વરૂપજી ઠાકોરે જાહેરમાં આ વાતનો સ્વીકાર કરવો પડ્યો છે કે ઓછા વરસાદને કારણે નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહીં થાય. મંત્રીના આ નિવેદનથી અન્નદાતાઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે અને ખેડૂતો પોતાની વર્ષો જૂની ખેતીની પદ્ધતિ બદલવા મજબૂર બન્યા છે. વાવ-થરાદ પંથકના પ્રવાસે અને સ્થાનિક બેઠકોમાં હાજર રહેલા મંત્રી સ્વરૂપજી ઠાકોરે ખેડૂતોને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે આગામી દિવસોમાં સિંચાઈ માટે પૂરતું નર્મદાનું પાણી મળવું મુશ્કેલ બનશે. ચોમાસા દરમિયાન થયેલા ઓછા વરસાદના કારણે કેનાલો અને જળાશયોમાં પાણીની આવક મર્યાદિત રહી છે. મંત્રીએ ખેડૂતોને સલાહ આપી છે કે જો તેઓ પરંપરાગત અને વધુ પાણી માગી લે તેવા પાકો વાવશે, તો પાણીના અભાવે પાક સુકાઈ જશે અને ભારે નુકસાન વેઠવાનો વારો આવશે. તેના બદલે ખેડૂતોએ એવા પાકોની પસંદગી કરવી જોઈએ જેને ઉગાડવા માટે ઓછા પાણીની જરૂર પડે. પ્રશ્ન એ થાય છે કે, જે પ્રદેશ સિંચાઈના પાણી માટે નર્મદા પર અવલંબિત છે, જો ત્યાં જ સરકારે અસમર્થતા દર્શાવી દીધી તો ખેડૂતો જાય ક્યાં? બનાસકાંઠાનો આ ઉત્તરીય પંથક હંમેશા પાણીની બાબતમાં સંઘર્ષ કરતો રહ્યો છે. લાંબી લડતો અને યોજનાઓ બાદ નર્મદાના નીર પહોંચવાની આશા બંધાઈ હતી, પરંતુ આગામી ઉનાળા પહેલા જ પાણીની તંગીના એંધાણે ખેડૂતોના મોંઘા ડાઘા પાડી દીધા છે. બદલવી પડશે ખેતીની વ્યૂહરચના: જે ખેડૂતો જીરુ, રાયડો કે ઘઉં જેવા પાકો દ્વારા સારી આવક મેળવવાનું સ્વપ્ન જોઈ રહ્યા હતા, તેમણે હવે પાણીની તંગીના કારણે પોતાના વાવેતરના પ્લાનમાં ધરખમ ફેરફાર કરવા પડી રહ્યા છે. ઓછા પાણીવાળા પાકોનું ઉત્પાદન બજારમાં કેવો ભાવ અપાવશે અને તેનાથી ખેડૂતોના પરિવારનું ગુજરાન કેમ ચાલશે તે મોટો સવાલ છે. અગાઉથી જ મોંઘા ખાતર, બિયારણ અને વીજળીના ભારણથી દબાયેલા ખેડૂત માટે આ પાણીની કટોકટી આર્થિક કમર ભાંગી નાખનારી સાબિત થઈ શકે છે.

### મોતના હાઈવે પર ડરનો તાંડવ

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર દૂધ અને LNG ટેન્કર વચ્ચે ભીષણ ટક્કર, વડોદરા નજીક ગેસ લીક થતા મચી દોડધામ!

વડોદરા

દેશની સૌથી આધુનિક ગણાતી હાઈવે સિસ્ટમ હવે ખતરનાક અકસ્માતોનું અડ્ડો બની રહી છે કે કેમ? તેવો સવાલ ઉભો કરતી એક રુંવાડા પડાતી ઘટના સામે આવી છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરા નજીક અતિ-વ્યસ્ત માર્ગ પર દૂધ ભરેલા ટેન્કર અને અત્યંત જ્વલનશીલ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ટેન્કર વચ્ચે ધડાકાભેર ભીષણ ટક્કર થઈ હતી. આ ટક્કર એટલી ખતરનાક હતી કે



એલએનજી ટેન્કરમાંથી ગેસ લીક શરૂ થઈ ગયો, જેને કારણે હાઈવે પર અફરાતફરી મચી ગઈ અને સેંકડો વાહનો થંભી જતા લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. મળતી પ્રાથમિક વિગતો અનુસાર, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી પુરઝડપે જઈ રહેલા એલએનજી (LNG) ટેન્કર અને દૂધના ટેન્કર વચ્ચે અચાનક ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટક્કરનો અવાજ એટલો ભયાનક હતો કે આસપાસના વિસ્તારમાં ડરનું વાતાવરણ છવાઈ ગયું હતું. અકસ્માતને પગલે બંને વાહનોના આગળના ભાગના ફૂરચા ઉડી ગયા હતા. પરંતુ, પરિસ્થિતિ ત્યારે વધુ વિસ્ફોટક અને ગંભીર બની ગઈ જ્યારે એલએનજી ટેન્કરની સેફ્ટી સિસ્ટમ અથવા વાલ્વ ડેમેજ થવાને કારણે અતિ-જ્વલનશીલ ગેસનું લીકેજ શરૂ થઈ ગયું. એલએનજી ગેસ અતિશય જ્વલનશીલ હોવાને કારણે ચિનગારી પણ કોઈ મોટો વિસ્ફોટ સર્જી શકે તેમ હતી. ગેસ લીક થવાની સનસનાટીભરી માહિતી મળતા જ હાઈવે ઓથોરિટી, પોલીસ વિભાગ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

# વર્ષોથી ભરતીની રાહ, હવે આંદોલનનું અલ્ટીમેટમ:ચિત્ર વિષયના ઉમેદવારો ગાંધીનગરમાં એકઠા થયા

ગાંધીનગર

ગુજરાતમાં ચિત્ર વિષયના શિક્ષકોની કાયમી ભરતીની માગ ફરી ઉઠી છે. વર્ષોથી ભરતીની રાહ જોઈ રહેલા લાયકાત ધરાવતા ઉમેદવારો સોમવારે, તા. 19 ઓક્ટોબરે ગાંધીનગરના વિદ્યાસમીક્ષા કેન્દ્ર ખાતે મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ઉમેદવારોએ રાજ્ય સરકાર સમક્ષ આવેદનપત્ર રજૂ કરીને ચિત્ર વિષયના શિક્ષકોની કાયમી ભરતીને તાત્કાલિક મંજૂરી આપવા માગ કરી છે. સાથે જ ભરતી પ્રક્રિયાની ફાઈલને સંબંધિત વિભાગોમાંથી વહેલી તકે મંજૂરી અપાવી સત્તાવાર જાહેરાત કરવાની પણ માગ કરવામાં આવી છે. ઉમેદવારોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં લાંબા સમયથી ચિત્ર વિષયના શિક્ષકોની કાયમી ભરતી ન થવાને કારણે લાયકાત ધરાવતા હજારો ઉમેદવારોનું ભવિષ્ય અનિશ્ચિત બન્યું છે. શિક્ષણમાં ચિત્ર વિષયનું મહત્ત્વ હોવા છતાં આ વિષયના ઉમેદવારોને કાયમી રોજગારીની પૂરતી તકો મળતી ન હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. આ સ્થિતિને કારણે ઉમેદવારોમાં નિરાશા અને અસંતોષ વધી રહ્યો હોવાનું પણ આવેદનપત્રમાં જણાવાયું છે. ઉમેદવારોએ મુખ્યમંત્રીને સંબોધીને અને શિક્ષણમંત્રી મારફતે રજૂ કરેલા આવેદનપત્રમાં ચાર મુખ્ય માગણીઓ કરી છે. જેમાં સરકારી શાળાઓમાં ચિત્ર વિષયના શિક્ષકોની કાયમી ભરતી તાત્કાલિક મંજૂર કરવી, ભરતીની ફાઈલને સંબંધિત વિભાગોમાંથી વહેલી તકે મંજૂરી અપાવવી, ભરતીની સત્તાવાર જાહેરાત સાથે સ્પષ્ટ સમયપત્રક જાહેર કરવું અને ઉમેદવારોના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે જવાબદાર સરકારી અધિકારીઓ સાથે બેઠક યોજવી સામેલ છે.

### મામલતદાર મુકેશ જે. બારીયાએ આપેલું વચન પાળ્યું

# સમાચારનો જોરદાર પડઘો: શિનોર તાલુકામાં દિવાળી ટાણે સસ્તા અનાજની દુકાનોમાં અપાયો 100% તેલનો જથ્થો!

સાધલી, હસમુખ પટેલ

લોકશાહીમાં 'વર્તમાન પત્ર' એટલે કે મીડિયાને સાચી અર્થમાં ચોથી જાગીર કેમ કહેવામાં આવે છે, તેનું એક ઉત્તમ અને જીવંત ઉદાહરણ વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાંથી સામે આવ્યું છે. જ્યારે-જ્યારે સામાન્ય જનતાના પ્રશ્નો અને અન્ન વિતરણમાં ગરબડો સામે આવે છે, ત્યારે સાચા અહેવાલો કેવી રીતે સિસ્ટમને હરકતમાં લાવી દે છે, તેની સાબિતી આ કિસ્સાએ આપી દીધી છે.

શિનોર તાલુકામાં દિવાળીના પાવન તહેવારો ટાણે જ સસ્તા અનાજની દુકાનોમાં તેલના જથ્થાને લઈને સર્જાયેલી વિસંગતતા સામે અવાજ ઉઠાવતાની સાથે જ તંત્ર દોડતું થયું છે અને તમામ દુકાનોમાં 100% તેલનો જથ્થો ફાળવી દેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા અત્યોદય અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો (NFSA) હેઠળ આવતા રેશનકાર્ડ ધારકોને દિવાળીના તહેવારો નિમિત્તે વિનામૂલ્યે અને રાહત દરે અનાજ તેમજ તેલનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

આ યોજના અંતર્ગત શિનોર તાલુકાના પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (સસ્તા અનાજની દુકાનો)ના સંચાલકો દ્વારા નિયમ મુજબ પરમિટના 100% નાણાં પહેલેથી જ ભરી દેવામાં આવ્યા હતા. પરંતુ, શિનોર ગોડાઉન તરફથી 'વહેલા તે પહેલા'ના ધોરણે અમુક દુકાનોને પૂરેપૂરો જથ્થો અપાયો હતો, જ્યારે પાછળથી માલ મેળવનાર ઘણી દુકાનોમાં 100% ના બદલે માત્ર 70% જ તેલનો જથ્થો આપવામાં આવ્યો હતો. વેપારીઓએ તો પૂરા નાણાં ભર્યા હોવા છતાં ઓછો જથ્થો મળવાને કારણે ગ્રાહકો (રેશનકાર્ડ ધારકો) અને દુકાનદારો વચ્ચે રોજીંદા ઝઘડા અને બોલાચાલીના દ્રશ્યો સર્જાતા હતા. તહેવારોના દિવસોમાં ગરીબ પરિવારોને પૂરતું અનાજ-તેલ ન મળતા ભારે રોષ ફેલાયો હતો. આ ગંભીર સમસ્યા જ્યારે વર્તમાન પત્રો અને 'પાક્કો ગુજરાત'ના માધ્યમથી મુખ્ય પટ પર ચમકી, ત્યારે તંત્રની ઊંઘ ઉડી ગઈ હતી. શિનોરના મામલતદાર મુકેશ જે. બારીયા દ્વારા આ બાબતની ગંભીર નોંધ લેવામાં આવી હતી અને અગાઉ ખાતરી આપવામાં આવી હતી કે જે દુકાનોમાં 70% જથ્થો અપાયો છે, તેમને બાકી રહેલો જથ્થો ચોક્કસ પૂરો પાડવામાં આવશે. મામલતદારશ્રીએ પોતાના વચનનું પાલન કરીને તાત્કાલિક ધોરણે પગલાં લીધાં અને શિનોર તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનોમાં બાકી રહેલો તેલનો જથ્થો પહોંચાડી દીધો છે.

# 17 વર્ષથી ફરજ બજાવતા ગ્રામસેવકોનો પગારવધારા માટે હુંકાર:1 નવેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

ગાંધીનગર

ગુજરાત રાજ્ય કરાર આધારિત ગ્રામસેવક (ગ્રામવિકાસ) મંડળે ગ્રામસેવકોના પગારની વિસંગતતા દૂર કરવા, ગ્રેડ પે મુજબ પગારવધારો આપવા અને લાંબા સમયથી પડતર રહેલી માગણીઓનો ઉકેલ લાવવા સરકાર સમક્ષ રજૂઆત કરી છે. મંડળના પ્રમુખ નરસિંહભાઈ હડિયલે જણાવ્યું હતું કે ગ્રામસેવકો છેલ્લા 17 વર્ષથી સરકારના પરિપત્રો મુજબ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ સમાન પ્રકારની કામગીરી કરવા છતાં ફિક્સ પગારના કર્મચારીઓને યોગ્ય વેતન મળતું નથી. અગાઉ અનેક રજૂઆતો કરવા છતાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં મંડળે ફરી આવેદનપત્ર આપ્યું છે. જો માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો 1 નવેમ્બર, 2026થી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

મંડળના જણાવ્યા અનુસાર, ગ્રામસેવકો ગ્રામ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણથી લઈને લાભાર્થીઓની નોંધણી, સરકારી પોર્ટલ પર ડેટા એન્ટ્રી, યોજનાકીય કામગીરી અને ગ્રામ્ય સ્તરે વહીવટી જવાબદારીઓ નિભાવે છે. આધુનિક ટેક્નોલોજી અને કમ્પ્યુટર આધારિત કામગીરીમાં પણ તેમની જવાબદારી વધી છે. આમ છતાં, એક જ પ્રકારની કામગીરી કરતા કર્મચારીઓના પગારમાં તફાવત હોવાનો મંડળે મુદ્દો ઉઠાવ્યો છે. વિસંગતતા છે. આ બંને રકમ વચ્ચે રૂ. 9,200નો તફાવત થાય છે. તેમણે કપાત સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પગારની અસમાનતા દૂર કરવાની માગ કરી છે.

### બ્લાસ્ટનો પ્રચંડ અવાજ નજીકનાં ગામો સુધી સંભળાતાં ચકચાર

# બોટાદના ટાટમ ગામે બાયો ગેસ પ્લાન્ટમાં બ્લાસ્ટની ઘટના : એક શ્રમિક ઈજાગ્રસ્ત

## ટેન્કમાં તાપમાન વધતાં બ્લાસ્ટ થયો હોવાની પ્રાથમિક માહિતી; ઘટનાનું ચોક્કસ કારણ જાણવા સંબંધિત ટેકનિકલ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાશે

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ટાટમ ગામે આવેલા બાયો ગેસ પ્લાન્ટમાં બ્લાસ્ટની ઘટના બનતાં એક શ્રમિક ઈજાગ્રસ્ત થયો હોવાની ઘટના સામે આવી છે. પ્લાન્ટમાં થયેલા બ્લાસ્ટનો અવાજ નજીકનાં ગામો સુધી સંભળાતાં આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાને પગલે તંત્ર અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત શ્રમિકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



પ્રાપ્ત માહિતી મુજબ, ટાટમ ગામમાં આવેલા બાયો ગેસ પ્લાન્ટમાં અચાનક બ્લાસ્ટ થતાં આ ઘટના બની હતી. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તેનો અવાજ નજીકનાં ગામો સુધી સંભળાયો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક સ્તરે દોડધામ મચી હતી. જોકે, બ્લાસ્ટ કઈ ચોક્કસ પરિસ્થિતિમાં થયો અને તેના કારણે પ્લાન્ટને કેટલું નુકસાન થયું છે તે અંગેની વિગતો તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.ઘટનાની જાણ થતાં ગઢડા તાલુકાના વિસ્તરણ અધિકારી હરદેવસિંહ ગોહિલ તથા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. અધિકારીઓ દ્વારા ઘટનાસ્થળની પરિસ્થિતિની જાણકારી મેળવી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્લાન્ટમાં બ્લાસ્ટ થવા પાછળનું કારણ જાણવા તેમજ ટેન્કની સ્થિતિ અને સંબંધિત ટેકનિકલ પાસાંઓની ચકાસણી કરવા માટે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.આ સમગ્ર ઘટના અંગે ગઢડા તાલુકાના વિસ્તરણ અધિકારી હરદેવસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, બાયો ગેસ પ્લાન્ટમાં કુલ ત્રણ ટેન્ક આવેલી છે. આ ત્રણ ટેન્ક પૈકી વચ્ચે આવેલી ટેન્કમાં તાપમાન વધી જતાં બ્લાસ્ટ થયો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્લાન્ટ માટે બિનખેતીની મંજૂરી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# ગરબા જોવા જતાં મહિલા કોર્પોરેટરના પરિવાર સાથે મારામારી, સાઇડ ન આપવાની સામાન્ય બાબતે ઝઘડો, 3ની ધરપકડ

અમદાવાદ

અમદાવાદના ફતેવાડી કેનાલ પાસે એક મહિલા કોર્પોરેટર સાથે છેડતીનો ગંભીર મામલો સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગઈકાલે શનિવારે(17 ઓક્ટોબર) રાત્રે જ્યારે મહિલા કોર્પોરેટર પોતાના પરિવાર સાથે ગરબા જોવા જતા હતા, ત્યારે રસ્તામાં વાહન હટાવવા અને સાઈડ આપવા બાબતે સામાન્ય તકરાર થઈ હતી. ગરબામાં જતા સમયે કોર્પોરેટરના દીકરાએ એક યુવકને પોતાનું વાહન પસાર કરવા માટે સાઈડ ન આપતા આ રકઝક શરૂ થઈ હતી, જેણે થોડી જ વારમાં મોટો વિવાદ ઊભો કરી દીધો હતો અને મામલો ગરમાયો હતો.

આ વાહન વ્યવહારની રકઝક બાદ શોએબ શાહ ફકીર નામના યુવકે સરખેજ નજીક પોતાના અન્ય મિત્રોને બોલાવીને ભારે બબાલ શરૂ કરી દીધી હતી. આ ઘર્ષણ દરમિયાન અન્ય એક આરોપી શોએબ શમાએ મહિલા કોર્પોરેટર સાથે બિભત્સ ચેનચાળા કરીને તેમની છેડતી કરી હતી.

આ શરમજનક ઘટના સંદર્ભે વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવતા, પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કુલ 3 આરોપીઓ સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી લીધી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસે જણાવ્યું કે, વેજલપુર પોલીસ સ્ટેશનમાં કોર્પોરેટર સાથે થયેલી માથાકૂટ અંગે ફરિયાદ નોંધાઈ હતી.

### પોરબંદરના ગ્રામ્ય વિસ્તારમાં

# ફરજ બજાવતી રાજકોટની મહિલા હોમકેર વર્કરને 181 અભયમની મદદ

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

રાજકોટ સહિતના વિસ્તારોમાં દર્દીઓની ઘરઆંગણે સારવાર અને સંભાળ માટે હોમકેર તથા નર્સિંગ સેવાઓનું ચલણ વધી રહ્યું છે. વૃદ્ધોની સંભાળ, ઓપરેશન બાદની સારવાર, કેન્સર તથા પેલિયેટિવ કેર, ઈન્જેક્શન, ડ્રેસિંગ અને ઘરમાં જ આઈસીયુ જેવી સુવિધાઓ માટે વિવિધ એજન્સીઓ કાર્યરત છે. ત્યારે પોરબંદર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતી રાજકોટની એક મહિલા હોમકેર વર્કરને કામના સ્થળે થયેલા વિવાદના પગલે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ લેવાની ફરજ પડી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટથી એજન્સી મારફતે હોમકેર વર્કર તરીકે પોરબંદર આવેલા મહિલાને દર્દીની વધુ દિવસો સુધી સંભાળ રાખવાની જરૂરિયાત ઊભી થતાં દર્દીના પરિવારજનોએ રોકાવા જણાવ્યું હતું. પરિણામે મહિલા છેલ્લા ૨૭ દિવસથી દર્દીના ઘરે રહીને તેમની સેવા કરી રહી હતી. મહિલાએ નર્સિંગનો અભ્યાસ કર્યો હતો અને છેલ્લાં પાંચ




વર્ષથી એજન્ટ મારફતે હોમકેર વર્કર તરીકે કામગીરી કરતી હતી. જોકે, દર્દીના પરિવારજનો વારંવાર મહિલાને તેનું સાચું નામ જણાવવા તથા જરૂરી દસ્તાવેજો બતાવવા માટે કહેતા હતા. મહિલાએ પોતાના દસ્તાવેજો બતાવ્યા હોવા છતાં પરિવારજનો દ્વારા તેના પર ખોટું બોલતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવતી હતી. આ પરિસ્થિતિથી કંટાળીને મહિલા નોકરી છોડીને જવા માંગતી હતી, પરંતુ દર્દીના પરિવારજનો તેને જવાની ના પાડતા હોવાથી તેણે મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. મહિલાની મદદ માટેની જાણ થતાં જ ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર નીલમ વાઢીયા, મહિલા પોલીસ કોન્સ્ટેબલ દક્ષાબેન ખરા તથા પાયલોટ અનિતભાઈ વાઘાણી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરીને તેની સમસ્યા જાણી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ અભયમ ટીમે મહિલાના પરિવારજનોનો સંપર્ક કરીને તેમને જાણ કરી હતી કે તેમની દીકરી સુરક્ષિત છે, જેથી તેઓએ ગભરાવાની જરૂર નથી.



## ‘સ્પિરિટ’નું નવું પોસ્ટર રિલીઝ:પ્રભાસ કાળા કપડાંમાં દેખાયો

# સ્પીરિટ ફિલ્મની વાર્તા લીક કરવાનો અભિનેત્રી દીપિકા પાદુકોણ પર આરોપ

મુંબઈ

દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગાએ પોતાની આગામી ફિલ્મ ‘સ્પિરિટ’નું નવું પોસ્ટર રવિવારે સોશિયલ મીડિયા પર શેર કર્યું.

પોસ્ટરમાં ફિલ્મના મુખ્ય અભિનેતા પ્રભાસ કાળા કપડાં, ટોપી અને ચશ્મામાં જોવા મળી રહ્યા છે. તેમનો લુક ઘણો ગંભીર દેખાઈ રહ્યો છે. આ સાથે ફિલ્મની રિલીઝ તારીખ પણ જાહેર કરવામાં આવી છે. ‘સ્પિરિટ’ 29 ઑક્ટોબર 2027ના રોજ દિવાળીના અવસરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, પ્રણય રેડ્ડી વાંગા અને પ્રભાકર રેડ્ડી વાંગા ફિલ્મના નિર્માતા છે. મેકર્સે આ પહેલાં ફિલ્મમાંથી 2026ના નવા વર્ષના દિવસે પ્રભાસનો પહેલો લુક જાહેર કર્યો હતો. પોસ્ટરમાં તેઓ પીઠ પર ઈજાના નિશાન સાથે ગંભીર અંદાજમાં જોવા મળ્યા હતા.

પોસ્ટરમાં ફીમેલ લીડ તૃપ્તિ ડિમરી પ્રભાસના પાત્રને સિગારેટ સળગાવતી જોવા મળી હતી. જણાવી દઈએ કે ફિલ્મમાં વિવેક ઓબેરોય પણ છે. ઐશ્વર્યા દેસાઈ આ ફિલ્મથી ડેબ્યૂ કરી રહી છે. સ્પિરિટમાંથી દીપિકા પાદુકોણના બહાર થવાને લઈને ફિલ્મ ચર્ચામાં આવી હતી. અહેવાલો અનુસાર, દીપિકાએ દરરોજ માત્ર 6થી 8 કલાકની શિફ્ટમાં કામ કરવાની શરત રાખી હતી, જેના માટે દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા સહમત નહોતા. દરમિયાન, સંદીપ રેડ્ડી વાંગાના ભાઈ પ્રણય રેડ્ડી વાંગાએ સ્પિરિટમાંથી દીપિકાના બહાર થવાને લઈને મોટો દાવો કર્યો હતો.

NTVને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે દીપિકાએ ફિલ્મ માટે ભારે ફી સાથે 10% નફામાં હિસ્સો માગ્યો હતો. નિર્માતાઓ તેમની માગ સાથે સંમત થયા નહોતા. ત્યારબાદ તેમણે અન્ય કલાકારો પર વિચારવાનું શરૂ કર્યું હતું.

પ્રણયના જણાવ્યા મુજબ, આ દરમિયાન ફિલ્મની વાર્તા અને પાત્રોને લગતી માહિતી લીક થઈ ગઈ હતી. તેમણે કહ્યું હતું કે આનાથી દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા નારાજ થયા હતા. પ્રણયે નામ લીધા વિના દીપિકા પર સવાલો પણ ઉઠાવ્યા હતા. તેમણે પૂછ્યું હતું કે નિર્માતાઓની મહેનતથી તૈયાર થયેલી વાર્તા લીક કરવી કયું ફેમિનિઝમ છે. દીપિકા ફિલ્મમાંથી બહાર થયા બાદ પ્રભાસ સાથે તૃપ્તિ ડિમરીને કાસ્ટ કરવામાં આવી હતી.

**દીપિકા ફિલ્મમાંથી બહાર થયા બાદ પ્રભાસ સાથે તૃપ્તિ ડિમરીને કાસ્ટ કરવામાં આવી હતી**

# વિપક્ષના સરકાર બદલવાના નારા પર કંગનાનો પલટવાર

## ફ્રાન્સની હિંસાને ટાંકતા કહ્યું- 'ત્રીજા વિશ્વયુદ્ધ જેવા વાતાવરણ વચ્ચે પીએમ મોદીનું નેતૃત્વ જરૂરી'



મુંબઈ

ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે રવિવારે વિપક્ષના સરકાર બદલવાના નિવેદનો પર કટાક્ષ કર્યો છે. રાયપુરમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન તેણે કહ્યું કે, ’વિપક્ષની નિમ્ન સ્તરની હરકતો દેશને વારંવાર યાદ અપાવી રહી છે કે ભારતને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા મજબૂત નેતૃત્વની જરૂર છે.’

કંગનાએ ફ્રાન્સમાં થયેલી હિંસા અને ત્રીજા વિશ્વયુદ્ધના મંડરાતા ખતરાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ’વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દેશની કમાન મજબૂત હાથોમાં હોવી જરૂરી છે.’ આ સાથે જ તેણે કોલકાતામાં દુર્ગા પૂજા પંડાલમાં થયેલી નાસભાગ પર પણ દુઃખ વ્યક્ત કર્યું. ફ્રાન્સની હિંસાનો ઉલ્લેખ કરતા કહ્યું- ’ત્યાં બધું જ સળગાવી દીધું’ વિપક્ષ તરફથી સરકાર બદલવા અને રેજીમ ચેન્જની માગણીઓ અંગે પ્રશ્ન પૂછવામાં આવતાં કંગના રનૌતે કહ્યું કે, આવી હરકતો દેશની જનતાને જાગૃત કરી રહી છે.

તેણે ફ્રાન્સનું ઉદાહરણ આપતાં કહ્યું કે, ’શનિવારે રાત્રે ફ્રાન્સમાં શું થયું, તે બધાએ જોયું છે.’ ’ત્યાં ઐતિહાસિક ઈમારતોને આગ ચાંપી દેવામાં આવી, સંપત્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું અને લૂંટફાટ થઈ.’ કંગનાએ કહ્યું કે, ’દુનિયાભરમાં ચાલી રહેલી અસ્થિરતા અને ત્રીજા વિશ્વયુદ્ધની આશંકા વચ્ચે વિપક્ષ દરરોજ એ સાબિત કરી રહ્યો છે કે દેશને પીએમ મોદીના નેતૃત્વની જરૂર શા માટે છે.’ કંગના રનૌતે પોતાની વાતચીતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા તણાવ અને વૈશ્વિક સંઘર્ષોનો પણ ઉલ્લેખ કર્યો. તેણે કહ્યું કે, જ્યારે દુનિયાભરના દેશોમાં આંતરિક અશાંતિ અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓ સર્જાયેલી છે, ત્યારે ભારતને એક સ્થિર અને મજબૂત સરકારની જરૂર છે.

# 'દબંગ' સલમાન 'સ્યુસાઇડલ ડિઝીઝ' સામે પણ હાર્યો નહીં

## શૂટિંગ દરમિયાન થઇ માથામાં ઇજા; હર્નિયા, ટ્રાઇજેમિનલ ન્યુરાલ્જિયા અને બ્રેઇન એન્યુરિઝમથી પીડિત...

મુંબઈ

સલમાન ખાને બુધવારે શો ‘કોફી વિથ કરણ 9’માં જણાવ્યું કે ફિલ્મ ‘સુલતાન’ના શૂટિંગ દરમિયાન તેના માથામાં ઈજા થઈ હતી. ’દબંગ’ સ્ટારે જણાવ્યું કે, તેને હર્નિયાની તકલીફ થઈ હતી અને તેના એક ખભામાં પણ ઈજા થઈ હતી. આ ઉપરાંત, તેના ઘૂંટણ અને પીઠમાં પણ ઈજાઓ થઈ હતી. એક્ટરે ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા અને બ્રેઈન એન્યુરિઝમનો પણ ઉલ્લેખ કર્યો. તેણે કહ્યું કે, આ તકલીફો છતાં તે પોતાની સ્થિતિને ફિટ ન રહેવાનું બહાનું માનતો નથી.\ આ પહેલાં, જૂન 2025માં ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા શો’માં સલમાને જણાવ્યું હતું કે તેને AV માલફોર્મેશનની સમસ્યા છે.

સલમાન લાંબા સમય સુધી ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા નામની ગંભીર બીમારીથી પીડાઈ ચૂક્યો છે. ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયા ચહેરાની નસ સાથે જોડાયેલી એક એવી સમસ્યા છે, જેમાં અચાનક ખૂબ જ તીવ્ર દુખાવો થઈ શકે છે. આ દુખાવો ચહેરાની એક બાજુ, ગાલ, જડબા અથવા આંખની આસપાસ અનુભવાઈ શકે છે. ઘણી વાર ચહેરાને સ્પર્શ કરવાથી, દાંત સાફ કરવાથી, ખોરાક ચાવવાથી અથવા બોલવાથી પણ દુખાવો શરૂ થઈ જાય છે. કેટલાક લોકોને એવું લાગે છે કે જાણે ચહેરા પર વીજળીનો ઝટકો લાગ્યો હોય. દુખાવો થોડી સેકન્ડથી લઈને થોડી મિનિટો સુધી રહી શકે છે. જોકે, દરેક દર્દીમાં તેના લક્ષણો એકસરખા હોતા નથી. સલમાનને 2007માં ચહેરાની એક તરફ દુખાવો અનુભવાયો હતો. બાદમાં આ તકલીફ ફરીથી સામે આવી. વર્ષ 2011માં તેણે અમેરિકામાં આ બીમારીની સારવાર માટે સર્જરી કરાવી હતી. સલમાને સપ્ટેમ્બર 2025માં શો ‘ટૂ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ’માં જણાવ્યું હતું કે તે ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જિયાના દુખાવા સામે લગભગ સાડા સાત વર્ષ સુધી ઝઝૂમતો રહ્યો. તેણે કહ્યું હતું કે, તે દરમિયાન દુખાવાને કારણે તેની હાલત ખૂબ ખરાબ થઈ જતી હતી. તેણે જણાવ્યું હતું કે, દર 4-5 મિનિટે દુખાવાનો હુમલો આવતો હતો.






# ટાઈગર પર હુમલાના શંકાસ્પદ રાજસ્થાનમાંથી ઝડપાયા

## એક બિહારનો, 2 હરિયાણાના; 1 આરોપી સગીર; હુમલામાં વપરાયેલી બાઈક મળી આવી

મુંબઈ

એક્ટર ટાઈગર શ્રોફની કાર પર ફાયરિંગના મામલે કોટા પોલીસે એક સગીર સહિત 3 શંકાસ્પદોને કસ્ટડીમાં લીધા છે. તેમાંથી બે હરિયાણાના અને એક બિહારનો રહેવાસી છે. પોલીસનું કહેવું છે કે તેમાંથી બે લોકોએ ફાયરિંગ કર્યું હતું. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ રાજસ્થાન અને ગુજરાતમાં અનેક સ્થળોએ દરોડા પાડી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ફાયરિંગ બાદ આરોપીઓએ પોતાની બાઈક અંધેરી વેસ્ટ રેલવે સ્ટેશન પાસે છોડી દીધી અને બોરીવલી જતી ટ્રેનમાં સવાર થઈ ગયા. આ બાઈક મળી આવી છે. ટાઈગરને ગોળી વાગી નથી, પરંતુ તેમના ડાબા હાથમાં ગન પાવડર અને કાચના ટુકડાઓથી ઈજા થઈ છે. ફાયરિંગમાં તેમના ડ્રાઈવરને પણ ઈજા થઈ છે. ટાઈગરની કાર પર સાંજે 7 વાગ્યે 3 લોકોએ ફાયરિંગ કર્યું હતું. તેની જવાબદારી લૉરેન્સ ગેંગે લીધી છે. 4 વર્ષમાં સલમાન ખાન સહિત 8 એક્ટર્સ-સિંગર્સ પર હુમલો થઈ ચૂક્યો છે. એસપી કોટા, તેજસ્વિની ગૌતમે જણાવ્યું, ’ગઈકાલે ટાઈગર પર હુમલો થયો હતો. અમને આ અંગે આજે મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળી. તેમણે કહ્યું હતું કે ત્રણેય ટ્રેન દ્વારા કોટા પહોંચવાના છે. અમને જાણ થતાં જ અમે માત્ર 15 મિનિટમાં આખી ટ્રેનની તપાસ કરી અને આ દરમિયાન ત્રણેયને પકડી લીધા.’

સોનીપતની ઈદગાહ કોલોનીમાં રહેતા રેહાનના પિતા રિશુદ્દીને કહ્યું કે તેમની પત્ની સાથે વિવાદ ચાલી રહ્યો છે. આ જ કારણે તેમની પત્ની 10 વર્ષથી તેમનાથી અલગ રહે છે. રેહાન ઘણા વર્ષો પહેલાં વેલ્ડિંગનું કામ શીખવાની વાત કહીને ઘરેથી ગયો હતો. રાજસ્થાનની કોટા પોલીસ આજે બપોરે 1:00 વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરશે. ત્યારબાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ ત્રણેય આરોપીઓને પોતાની કસ્ટડીમાં લઈને મુંબઈ જવા રવાના થશે.

# ઈમરાન ખાનને દેશ છોડવાની નોટિસ મળતાં આમિર ખાન રાજ ઠાકરેને મળવા પહોંચ્યો

મુંબઈ

અભિનેતા ઈમરાન ખાનને ફોરેનર્સ રીજિયોનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO) દ્વારા 28 ઓક્ટોબર સુધીમાં ભારત છોડવાની નોટિસ આપવામાં આવી છે. આ રાજકીય અને વહીવટી ગરમાવા વચ્ચે ઈમરાનના મામા અને બોલિવૂડ અભિનેતા આમિર ખાને રવિવારે દાદર સ્થિત એમએનએસ (MNS) પ્રમુખ રાજ ઠાકરેના નિવાસસ્થાને જઈને તેમની મુલાકાત લીધી હતી. આ મુલાકાતને કારણે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ગત 10 ઓક્ટોબરે મુંબઈ શહેરમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શન સ્થળ પરથી અમેરિકન નાગરિકતા ધરાવતા ઈમરાન ખાનની અટકાયત કરવામાં આવી હતી. આ ઘટના બાદ વહીવટી તંત્ર દ્વારા તેમને 28 ઓક્ટોબર સુધીમાં દેશ છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ઈમરાન ખાને મુંબઈ સ્થિત FRRO દ્વારા જાહેર કરવામાં આવેલી આ નોટિસને બોમ્બે હાઈકોર્ટમાં પડકારી છે. પોતાની અરજીમાં તેમણે આ નોટિસને મનસ્વી, ગેરવાજબી અને કાયદાકીય રીતે સંપૂર્ણ ખોટી ગણાવી છે. તેમણે દાવો કર્યો છે કે સુનાવણીની કોઈ તક આપ્યા વિના જ આ નોટિસ ફટકારવામાં આવી છે, જે ભારતીય બંધારણના અનુચ્છેદ 14 (સમાનતાનો અધિકાર) અને અનુચ્છેદ 21 (જીવન જીવવાનો અધિકાર) હેઠળ મળેલા મૂળભૂત અધિકારોનું સીધું ઉલ્લંઘન છે. આ ઉપરાંત, FRRO દ્વારા ઈમરાન ખાનને વધુ એક કારણ દર્શાવો નોટિસ આપવામાં આવી છે. આ નોટિસમાં તેમને પૂછવામાં આવ્યું છે કે તેમનું ’ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા’ (OCI) રજિસ્ટ્રેશન શા માટે રદ કરવામાં ન આવે.



### BCCIએ સિનિયર મેન્સ સિલેક્શન કમિટીનું પુનર્ગઠન કર્યું

# પ્રજ્ઞાન ઓઝા ભારતીય ક્રિકેટ ટીમના નવા ચીફ સિલેક્ટર

મુંબઈ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે BCCI દ્વારા સિનિયર મેન્સ સિલેક્શન કમિટીના પુનર્ગઠન અંગે સત્તાવાર મીડિયા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. અશોક મલ્હોત્રા અને જતિન પરંજપેની સદસ્યતા ધરાવતી ક્રિકેટ એડવાઈઝરી કમિટી દ્વારા હાથ ધરવામાં આવેલી પસંદગી પ્રક્રિયા બાદ પૂર્વ ભારતીય સ્પિનર રમેશ પોવારને પસંદગી સમિતિના નવા સભ્ય તરીકે નિયુક્ત કરવાની સર્વાનુમતે ભલામણ કરવામાં આવી છે. આ સાથે જ ટેસ્ટ મેચોની સીનિયોરિટીના આધારે પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝા હવે મેન્સ સિલેક્શન કમિટીના નવા



ચેરપર્સન તરીકે જવાબદારી સંભાળશે. રમેશ પોવારે ભારત તરફથી આંતરરાષ્ટ્રીય સ્તરે 2 ટેસ્ટ અને 31 વનડે મેચોમાં પ્રતિનિધિત્વ કર્યું છે. ખેલાડી તરીકે નિવૃત્તિ લીધા બાદ તેઓ દેશના અગ્રણી કોચિંગ પદો પર કાર્યરત રહ્યા છે.

તેઓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના હેડ કોચ રહી ચૂક્યા છે.

તેમના કોચિંગ હેઠળ ભારતીય મહિલા ટીમે એશિયા કપનું ટાઈટલ જીત્યું હતું અને કોમનવેલ્થ ગેમ્સમાં ઐતિહાસિક સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.

આ ઉપરાંત તેઓ મુંબઈ અને ગુજરાતની ટીમોના હેડ કોચ તેમજ BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે બોલિંગ કોચ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. BCCIના નિવેદનમાં પૂર્વ ચેરમેન અજિત અગરકરના યોગદાનની ભરપૂર પ્રશંસા કરવામાં આવી છે. જુલાઈ 2023માં ચેરમેન બન્યા બાદ અગરકરના નેતૃત્વમાં ભારતીય ક્રિકેટ ટીમે ઐતિહાસિક સફળતાઓ મેળવી હતી.

ભારતે તેમના કાર્યકાળ દરમિયાન કુલ 3 ICC ટ્રોફી જીતી. ટીમ ઈન્ડિયાએ 2 એશિયા કપ ટાઈટલ પોતાના નામે કર્યા.

એશિયન ગેમ્સમાં સતત બે ગોલ્ડ મેડલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો.

## બુમરાહ વર્લ્ડ કપ સુધી ત્રણેય ફોર્મેટ ન રમે: રવિશાસ્ત્રી

નવી દિલ્હી

પૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ બુમરાહના વધુ પડતા ઉપયોગથી બચવાની સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે જસપ્રીત બુમરાહે આવતા વર્ષના અંતમાં યોજાનારા ODI વર્લ્ડ કપ સુધી ત્રણેય ફોર્મેટમાં રમવું જોઈએ નહીં. શાસ્ત્રીએ રવિવારે મોડી રાત્રે સ્ટાર સ્પોર્ટ્સ પર કહ્યું કે બુમરાહે ટેસ્ટ ક્રિકેટ રમવું જોઈએ. વનડે અને T20માં તેને ક્યારેક જ રમાડવો જોઈએ, જેથી તે ઈજાથી બચી શકે. બુમરાહ ન્યૂઝીલેન્ડ પ્રવાસથી સ્પર્ધાત્મક ક્રિકેટમાં વાપસી કરવા જઈ રહ્યા છે. તેઓ કિવીઓ સામે 2 ટેસ્ટ મેચની સિરીઝ રમશે. આ સિરીઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે. મને નથી લાગતું કે તેણે વનડે વર્લ્ડ કપ સુધી ત્રણેય ફોર્મેટમાં રમવું જોઈએ. તેણે ટેસ્ટ ક્રિકેટ રમવું જોઈએ અને વનડે-T-20માં ક્યારેક-ક્યારેક રમવું જોઈએ. તેણે સંપૂર્ણ સિરીઝ કે દરેક મેચ રમવી જોઈએ નહીં. હું તેને ટેસ્ટ મેચો માટે સાચવી રાખવા માગીશ. આ ખૂબ જ જરૂરી છે. તે ભારતીય ટીમનો મહત્વપૂર્ણ સભ્ય છે. ત્યાર બાદ બાકીના ફોર્મેટમાં તેનો મર્યાદિત ઉપયોગ થવો જોઈએ. આ એક કઠિન પરીક્ષા છે. ન્યૂઝીલેન્ડની ઘરઆંગણાની પરિસ્થિતિમાં તેને હરાવવું સરળ નથી. માત્ર ઑસ્ટ્રેલિયાને તેના પર સરસાઈ મળી છે.' તેમણે આગળ કહ્યું, "વિદેશ પ્રવાસ પર એક યુવા કેપ્ટન માટે આ સારો પડકાર હશે." ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ પર સૌથી વધુ ધ્યાન છે. આવી સ્થિતિમાં વિદેશ પ્રવાસ પર ટીમની કેપ્ટનશિપને લઈને પણ ચર્ચા થઈ રહી છે.

### બાબરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 16,000 રન પણ પૂરા કર્યા

## બાબરનો વર્લ્ડ રેકોર્ડ, 141 ઈનિંગમાં સૌથી વધુ ODI રન મામલે કોહલીથી પણ આગળ નીકળ્યો

રાવલપિંડી

પાકિસ્તાનના બાબર આઝમે શ્રીલંકા સામે 45 રન બનાવી વનડેમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. 141 ઈનિંગ્સમાં 6,671 રન સાથે તે પ્રથમ નંબરનો બેટ્સમેન બન્યો છે. તેણે દક્ષિણ આફ્રિકાના હાસિમ અમલાનો રેકોર્ડ તોડ્યો છે, જ્યારે વિરાટ કોહલી ત્રીજા સ્થાને છે. આ સાથે બાબરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 16,000 રન પણ પૂરા કર્યા છે. પાકિસ્તાનનો સ્ટાર બેટ્સમેન બાબર આઝમ શ્રીલંકા સામેની ટ્રાઈ-સીરિઝના પ્રથમ મુકાબલામાં ભલે પોતાની અડધી સદી ચૂકી ગયો હોય, પરંતુ 45 રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમીને તેણે વનડે ક્રિકેટમાં એક મોટો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.




બાબર આઝમ હવે વનડે ક્રિકેટ ઈતિહાસમાં પ્રથમ 141 ઈનિંગ્સ પછી સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો નંબર-1 બેટ્સમેન બની ગયો છે. તેણે દક્ષિણ આફ્રિકાના પૂર્વ દિગ્ગજ ઓપનર હાસિમ અમલાનો રેકોર્ડ તોડ્યો છે, જ્યારે ભારતીય દિગ્ગજ વિરાટ કોહલી આ યાદીમાં ત્રીજા ક્રમે સરકી ગયો છે. આ ઈનિંગ સાથે બાબરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 16,000 રન પૂરા કરવાનો મોટો માઈલસ્ટોન પણ હાંસલ કર્યો છે અને તેઓ આ સિદ્ધિ મેળવનારા પાકિસ્તાનના માત્ર 5મા બેટ્સમેન બન્યા છે.

# સાઉથ કોરિયાની આન સે-યંગે ડેનમાર્ક ઓપન જીતી

### આ 47મો ખિતાબ, સૌથી વધુ બેડમિન્ટન ટાઇટલ જીતનાર મહિલા ખેલાડી

મુંબઈ

સાઉથ કોરિયાની આન સે-યોંગે બેડમિન્ટનની મહિલા સિંગલ્સમાં સૌથી વધુ ઈન્ટરનેશનલ ટાઇટલ જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે રવિવારે ડેનમાર્ક ઓપનની ફાઈનલમાં જાપાનની અકાને યામાગુચીને 21-23, 21-14, 21-18થી હરાવી હતી. ડેનમાર્કના ઓડેન્સ શહેરમાં મળેલી આ જીત સાથે સે-યોંગના ઈન્ટરનેશનલ ટાઇટલની સંખ્યા 47 થઈ ગઈ છે. તેમણે ઈન્ડોનેશિયાની દિગ્ગજ સુસી સુસાંતીના 46 ટાઇટલના 29 વર્ષ જૂના રેકોર્ડને પાછળ છોડી દીધો. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) એ આની પુષ્ટિ કરી છે. BWFના રેકોર્ડ 1989થી રાખવામાં આવી રહ્યા છે અને તેમાં પ્રાદેશિક ટુર્નામેન્ટમાં જીતેલા ખિતાબોનો સમાવેશ થતો નથી. BWFએ 24 વર્ષીય એન સે-યોંગને 'સર્વકાલીન મહાન ખેલાડી' ગણાવી છે. વિજય બાદ સેઈ-યંગે કહ્યું, 'હું ઘણો ઈતિહાસ રચવા અને રેકોર્ડ તોડવા માગું છું, પરંતુ એક સમયે એક મેચ પર ધ્યાન આપું છું.' તેમણે કહ્યું, 'આ જ મારી પ્રેરણા છે. દર્શકો મારા માટે આવે છે અને મને ખુશી છે કે લોકોને મારી દરેક મેચ ગમે છે.' વિશ્વની નંબર-1 ખેલાડી અન સતત 105 અઠવાડિયાથી ટોચની રેન્કિંગ પર છે. તેમણે 2025માં એક સીઝનમાં રેકોર્ડ 11 ખિતાબ જીત્યા હતા. આ વર્ષે પણ તેમનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. આન સેઈ-યોંગ



ફાઈનલમાં યામાગુચી સામે પ્રથમ ગેમ 21-23થી હારી ગઈ હતી. તેમણે બીજી ગેમમાં જોરદાર વાપસી કરી અને તેને 21-14થી જીતી લીધી. આથી મુકાબલો નિર્ણાયક ગેમમાં પહોંચી ગયો. ત્રીજી ગેમમાં આન એક સમયે 5-11થી પાછળ હતી. કોર્ટ પર લપસી પડ્યા બાદ તેના જમણા પગના ઘૂંટણમાં ઈજા થઈ હતી. તેમ છતાં તેણે પોતાની લય પાછી મેળવી. તેણે કોર્ટના ધીમા ભાગનો ફાયદો ઉઠાવ્યો અને ત્રીજી ગેમ 21-18થી જીતી લીધી.

આને મેચ બાદ કહ્યું, 'કોર્ટ ખરાબ હતો અને હું લપસી ગઈ. હું મારા શરીરની તપાસ કરાવીશ અને મારા કોચ સાથે વાત કરીશ.' તેણે કહ્યું, 'અંતિમ ગેમમાં હું કોર્ટના ધીમા ભાગમાં હતી અને મને વધુ આત્મવિશ્વાસ હતો.' સી-યંગે આ સીઝનમાં BWF વર્લ્ડ ટૂરના છ સિંગલ્સ અને કુલ 9 ખિતાબ જીત્યાં છે. તેણે એશિયન ચેમ્પિયનશિપ, વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સમાં પણ મોટા ખિતાબ મેળવ્યા છે.



### બપોરે 2:20થી 3:30 વાગ્યા સુધી કારોબાર થશે

# દિવાળીએ શેરબજારમાં મુહૂર્ત ટ્રેડિંગ 8 નવેમ્બરે થશે

### ભારતીય શેરબજારમાં દિવાળીના અવસરે મુહૂર્ત ટ્રેડિંગની પરંપરા છે

મુંબઈ

દિવાળી અને લક્ષ્મી પૂજનના અવસરે 8 નવેમ્બરે શેરબજારમાં ખાસ મુહૂર્ત ટ્રેડિંગ થશે. BSE-NSEએ સર્ક્યુલર જાહેર કરીને જણાવ્યું છે કે આ વખતે 70 મિનિટનું ટ્રેડિંગ બપોરે 2:20 વાગ્યાથી શરૂ થઈને 3:30 વાગ્યા સુધી ચાલશે. ભારતીય શેરબજારમાં દિવાળીના અવસરે મુહૂર્ત ટ્રેડિંગની પરંપરા છે. આમ તો સ્ટોક એક્સચેન્જમાં આ દિવસે રજા હોય છે, પરંતુ રજાના દિવસે પણ તેને ખાસ રીતે એક કલાક માટે ખોલવામાં આવે છે, જેને મુહૂર્ત ટ્રેડિંગ કહેવામાં આવે છે. મુહૂર્ત ટ્રેડિંગના સમયગાળા દરમિયાન ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્સ, કરન્સી ડેરિવેટિવ્સ, ઈક્વિટી ફ્યુચર્સ




એન્ડ ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ એન્ડ બોરોઈંગ (SLB) જેવા અનેક સેગમેન્ટમાં પણ ટ્રેડિંગ થશે. બ્લોક ડીલ સેશન: બપોરે 1:50 વાગ્યાથી બપોરે 2:05 વાગ્યા સુધી ચાલશે.

નિયમિત પ્રી-ઓપન સેશન: બપોરે 2:05 વાગ્યાથી 2:20 વાગ્યા સુધી રહેશે.

ટ્રેડિંગ વિન્ડો: બપોરે 2:20 વાગ્યાથી સાંજે 3:30 વાગ્યા સુધી ખુલ્લી રહેશે. ટ્રેડમાં ફેરફાર: ટ્રેડમાં ફેરફાર કરવાની મંજૂરી સાંજે 4:15 વાગ્યા સુધી રહેશે.

સામાન્ય દિવસોમાં બજાર સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 9:00 વાગ્યાથી બપોરે 3:30 વાગ્યા સુધી ખુલ્લું રહે છે. સવારે 9:00 વાગ્યાથી 9:15 વાગ્યા સુધી પ્રી-માર્કેટ સેશન હોય છે. ત્યારબાદ બપોરે 3:30 વાગ્યા સુધી સામાન્ય સેશન ચાલે છે. સામાન્ય રીતે મુહૂર્ત ટ્રેડિંગ સાંજના સમયે યોજાય છે, પરંતુ સતત બીજા વર્ષે આ સેશનને બપોરના સમયે શિફ્ટ કરવામાં આવ્યું છે. ગયા વર્ષે પણ મુહૂર્ત ટ્રેડિંગને પરંપરાગત સાંજના સ્લોટને બદલે બપોરે 1:45 વાગ્યાથી 2:45 વાગ્યા સુધી શેડ્યૂલ કરવામાં આવ્યું હતું. માર્કેટ પાર્ટિસિપેન્ટ્સની વિનંતી પર એક્સચેન્જોએ આ વખતે પણ બપોરના સમયે જ ટ્રેડિંગ કરાવવાનો નિર્ણય લીધો છે.

### રોકાણકારોના 4 લાખ કરોડ ધોવાયા

# સેન્સેક્સમાં 1000 તો નિફ્ટીમાં 250થી વધુ પોઇન્ટનો કડાકો

મુંબઈ

ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ દિવસે જ જબરદસ્ત કડાકો જોવા મળ્યો છે. બજારની શરૂઆત લીલા નિશાન પર થઈ હતી, પરંતુ ત્યારબાદ એવી ભારે વેચવાલી આવી કે બજાર ક્રેશ થઈ ગયું. બપોરના સુમારે સેન્સેક્સ તેની દિવસની ઉચ્ચ સપાટીથી 1000 અંકથી વધુ ગગડી ગયો હતો, જ્યારે નિફ્ટી 50 250થી વધુ પોઈન્ટ તૂટીને 23000ની નીચે આવી ગયો હતો.

માર્કેટ કેપમાં મોટો ઘટાડો

આ અચાનક આવેલા કડાકાના કારણે બોમ્બે સ્ટોક એક્સચેન્જ(BSE) પર લિસ્ટેડ કંપનીઓના રોકાણકારોના અંદાજે 4 લાખ કરોડ રૂપિયા સાફ થઈ ગયા છે. આ સાથે જ



કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 472 લાખ કરોડ રૂપિયાથી ઘટીને 468 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. પ્રાઈવેટ બૅન્કોના નબળા દેખાવે બજારની કમર ભાંગી નાખી છે. HDFC બૅન્કના શેર લગભગ 2% ગગડ્યા છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો બાદ નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) પર દબાણ અને નફાની શિથિલ વૃદ્ધિને કારણે રોકાણકારોમાં ચિંતા ફેલાઈ હતી. આ ઉપરાંત એક્સિસ બૅન્ક, કોટક બૅન્ક, બજાજ ફિનસર્વ અને બજાજ ફાઈનાન્સમાં પણ 1.72%થી 3.80% સુધીનો ઘટાડો નોંધાયો છે.

અંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ(Crude Oil)ના ભાવ 108 ડૉલર પ્રતિ બેરલની ઉપર જળવાઈ રહેતા ભારતીય અર્થતંત્ર પર દબાણ વધ્યું છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર હોવાથી મોંઘું ક્રૂડ ઓઈલ દેશના આયાત બિલ અને ફુગાવાને વધારે છે, જેની સીધી અસર કંપનીઓના માર્જિન પર પડે છે.

### ₹2.5 લાખ કરોડની બોલીઓ લાગી

# જિયોનું ₹8,110 કરોડનું એન્કર બુક 30 ગણું સબ્સ્ક્રાઈબ થયું

### બ્લેકરોક અને SBI મ્યુચ્યુઅલ ફંડ જેવા મોટા રોકાણકારો સામેલ

મુંબઈ

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડનો IPO આજે, 19 ઓક્ટોબરે એન્કર ઈન્વેસ્ટર્સ એટલે કે મોટા સંસ્થાકીય રોકાણકારો માટે ખુલ્યો છે. તેના એન્કર બુકને અત્યાર સુધીમાં 30 ગણાથી વધુ સબ્સ્ક્રિપ્શન મળી ચૂક્યું છે.

IPOમાં કુલ 8,110 કરોડ રૂપિયાના શેરો એન્કર ઈન્વેસ્ટર્સ માટે અનામત રાખવામાં આવ્યા છે. તેની સામે એન્કર ઈન્વેસ્ટર્સે લગભગ 2.5 લાખ કરોડ રૂપિયાની બોલીઓ લગાવી છે.

કોઈપણ ભારતીય IPO માટે આ અત્યાર સુધીની સૌથી મોટી સંસ્થાકીય બોલી છે. આ એન્કર બુકમાં વિશ્વના સૌથી મોટા એસેટ મેનેજર્સ, સોવેરન વેલ્થ ફંડ્સ, ભારતના અગ્રણી મ્યુચ્યુઅલ ફંડ્સ, વીમા કંપનીઓ અને પેન્શન ફંડ્સ સામેલ થયા છે. એન્કર બુકમાં ભારતીય સંસ્થાકીય રોકાણકારોમાં દેશની ટોચની 10 મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસ સામેલ છે, જેમાં SBI મ્યુચ્યુઅલ ફંડ, ICICI પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ, HDFC મ્યુચ્યુઅલ ફંડ, આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ




ફંડ, નિપ્પોન ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ અને કોટક મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડ મુખ્ય છે. દેશની સૌથી મોટી વીમા કંપનીઓ અને પેન્શન ફંડ્સે એન્કર બુકમાં ભાગ લીધો છે.

તેમાં લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC), HDFC લાઈફ, SBI લાઈફ, SBI પેન્શન, HDFC પેન્શન અને ICICI પ્રુડેન્શિયલ જેવા મોટા નામો સામેલ છે. આ ઉપરાંત ટેક્નોલોજી-ફોર્સ્ડ ગ્લોબલ ફંડ્સ અને મોટી ફેમિલી ઓફિસોએ પણ તેમાં રોકાણ કરવા માટે રસ દર્શાવ્યો છે. ફોરેન લોન્ગ-ઓનલી ફંડ્સની સૌથી વધુ માગ જિયોની આ એન્કર બુકમાં મોટાભાગની માગ ફોરેન લોંગ-ઓનલી ફંડ્સ, સોવરિન વેલ્થ ફંડ્સ અને પેન્શન ફંડ્સ તરફથી આવી છે. તેથી જાણવા મળે છે કે એન્કર બુકમાં લાંબા સમય સુધી રોકાણ જાળવી રાખનાર ઈન્સ્ટિટ્યુશનલ કેપિટલ આવ્યું છે. ભારતમાં રોકાણ કરતું લગભગ દરેક મોટું ફંડ આ ઈશ્યૂમાં ભાગ લઈ રહ્યું છે અને કોઈ પણ અગ્રણી ફંડ તેનાથી દૂર રહ્યું નથી.

IPO સામાન્ય રોકાણકારો માટે 21 ઓક્ટોબરે ખુલશે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડિજિટલ સર્વિસિસ કંપની જિયો પ્લેટફોર્મ્સનો દેશનો સૌથી મોટો IPO સામાન્ય રોકાણકારો માટે 21થી 23 ઓક્ટોબર સુધી ખુલશે. તેના દ્વારા કંપની 30,188 કરોડ રૂપિયા એકત્ર કરશે.

# વાયદા બજારમાં તેજી, ચાંદીમાં મોટો ઉછાળો

- સોનું પ્રતિ 10 ગ્રામ ₹626 વધીને ₹1,48,115 પર ટ્રેડ થયું, ચાંદીમાં પણ મસમોટો ઉછાળો

મુંબઈ

વાયદા બજારમાં ફરી એકવાર સોના-ચાંદીની કિંમતોમાં ઉછાળો આવતા ટ્રેડિંગના નવા અઠવાડિયાના પહેલા દિવસ એટલે કે સોમવારે સકારાત્મક શરૂઆત થઈ છે. સોનામાં જોકે પ્રતિ દસ ગ્રામની કિંમતોમાં સામાન્ય એવો ઉછાળો આવ્યો હતો પરંતુ ચાંદીમાં પ્રતિ કિલોએ મોટો ઉછાળો નોંધાયો હતો. સોનામાં પ્રતિ દસ ગ્રામ કેટલો ઉછાળો? આજે સોનાના ભાવમાં તેજીનું મોજું ફરી વળ્યું છે. એમસીએક્સ (MCX) પર ગોલ્ડ (GOLD 04-Dec-26) નો અગાઉનો બંધ ભાવ (Prev. Close) 1,47,489.00 હતો, જેની સામે આજનું ઓપનિંગ 1,47,781.00 ના મથાળે થઈ હતી. કારોબારી સત્ર દરમિયાન સોનાએ ઊંચામાં 1,48,170.00 અને નીચામાં 1,47,589.00 ની સપાટી સ્પર્શી હતી. હાલમાં સોનું 626.00 એટલે કે 0.42 ટકાના ઉછાળા સાથે 1,48,115.00 ની સપાટીએ ટ્રેડ થઈ રહ્યું છે. બજારમાં સતત નીકળતી નવી ખરીદીને પગલે રોકાણકારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સોનાની ચાલને અનુસરતા આજે ચાંદીના વાયદા બજારમાં પણ રોનક જોવા મળી છે અને શાનદાર તેજી નોંધાઈ છે. એમસીએક્સ (MCX) પર સિલ્વર (SILVER 04-Dec-26) નો અગાઉનો બંધ ભાવ 2,10,660.00 હતો.

### તેલનું TPC ઉંચુ આવતા વસ્ત્રાપુર ગાંઠિયાની દુકાન સીલ

# ફાફડા-જલેબીની દુકાનોમાં AMCના ફૂડ વિભાગની તપાસ, સેમ્પલ લેવાયા

અમદાવાદ

દશેરા પહેલાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ફાફડા-જલેબીના વેપારીઓને ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તહેવાર દરમિયાન ફાફડા-જલેબીની વધતી માગને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને વપરાતા તેલની ચકાસણી કરવામાં આવી હતી. અલગ અલગ વિસ્તારમાં જઈને તેલની અને ફાફડા જલેબીની ગુણવત્તા ચેક કરવામાં આવી રહી છે. વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી વસ્ત્રાપુર ગાંઠિયાની દુકાનમાં તેલનું TPC વધુ આવતા દુકાનને સીલ કરવામાં આવી છે. તેમજ ફાફડા અને જલેબીના સેમ્પલ પણ લેવામાં આવ્યા છે.







જે દરમિયાન ફૂડ વિભાગ દ્વારા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી દુકાનોમાં પણ ચેકીંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન વસ્ત્રાપુરના ગાંઠિયા રથમાં પણ તપાસ કરવામાં આવી હતી, જ્યાંથી ફાફડા અને જલેબીનાં સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. તેલની ગુણવત્તા તપાસતાં TPC (ટોટલ પોલર કમ્પાઉન્ડ્સ) નું પ્રમાણ 32 નોંધાયું હતું. જેથી 30 ઉપર TPC નોંધાતા ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી અને વસ્ત્રાપુરના ગાંઠિયા એકમને સીલ કરવામાં આવ્યું હતું.

ફાફડા તળવા માટે એક જ તેલનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો હોય તો તેની ગુણવત્તા પર અસર પડી શકે છે. ખાદ્ય તેલમાં TPCનું પ્રમાણ 25 ટકાથી વધુ ન હોવું જોઈએ, જ્યારે તપાસ દરમિયાન તેનું પ્રમાણ 32 નોંધાયું હતું. જેથી તહેવારના સમયમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જળવાય અને નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફૂડ વિભાગ વસ્ત્રાપુર ગાંઠિયા નામની દુકાનને સીલ કરવામાં આવી છે. AMC દ્વારા અન્ય વિક્રેતાઓને ત્યાં પણ ચેકિંગ કરીને નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે.

ફૂડ ઈન્સ્પેક્ટર મહેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા અલગ અલગ ઝોનમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. ફાફડા અને જલેબીના નમૂનાઓ લઈને અત્યારે તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

તેમજ તેલનું TPC પણ ચેક કરવામાં આવી રહ્યું છે. TPC 25 સુધી હોય તો તે તેલ ખાવા લાયક હોય છે જ્યારે TPC 25થી વધુ જાય તો તે ખાવા લાયક હોતું નથી. તેમજ જો સેમ્પલમાં અનફિટ આવશે તો તેની સામે વધુ કાર્યવાહી કરવામાં આવશે.

ટીપીસી એટલે ટોટલ પોલર કમ્પાઉન્ડ્સ (Total Polar Compounds). જ્યારે ખાવાનુ તેલ વારંવાર ગરમ કરવામાં આવે છે, ત્યારે તેમાં પોલર કમ્પાઉન્ડનું પ્રમાણ વધી જાય છે. FSSAI ના નિયમ મુજબ જો તેલમાં TPCનું પ્રમાણ 25% થી વધી જાય, તો તે તેલ માનવ શરીર માટે હાનિકારક અને ઝેરી બની જાય છે.

### સાંતેજમાં મંડલી ગરબામાં બબાલ

## તલવારો અને લાકડીઓ ઉડતાં ખેલૈયાઓમાં નાસભાગ!

અમદાવાદ

અમદાવાદના સાંતેજમાં 'મંડલી ગરબા' મહોત્સવમાં રવિવારે રાત્રે પાસ વગર પ્રવેશને લઈ સિક્યોરિટી અને યુવકો વચ્ચે બહાર ઝઘડો થયો હતો. વાયરલ વીડિયોમાં તલવારો અને લાકડીઓ સાથે યુવકો જોવા મળતાં ખેલૈયાઓમાં ગભરાટ ફેલાયો હતો. રોકડ ભરેલી બેગ ચોરાયાનો દાવો કરાયો છે. સાંતેજ પોલીસ અને LCB ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે, જેમાં આયોજકોની પણ પૂછપરછ કરાઈ રહી છે.

સાંતેજ વિસ્તારમાં યોજાયેલા 'મંડલી ગરબા' મહોત્સવમાં રવિવારે (18મી ઑક્ટોબર) રાત્રે હોબાળો મચી ગયો હતો. માન્ય પાસ વગર ગરબા મેદાનમાં પ્રવેશવા બાબતે સિક્યોરિટી ગાર્ડ્સ અને યુવકોના એક જૂથ વચ્ચે બબાલ થઈ હતી. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વાઈરલ થયેલા વીડિયોમાં કેટલાક શખસો ખુલ્લેઆમ લાકડીઓ અને તલવારો લઈને ફરતા નજરે પડતા હડકંપ મચી ગયો હતો. આ ઘટનાને કારણે ગરબા રમવા આવેલા ખેલૈયાઓ અને મહિલાઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, રવિવારે રાત્રે ગરબા મેદાનના પ્રવેશદ્વાર પર કેટલાક યુવકોએ કોઈ પણ પ્રકારના માન્ય પાસ વિના અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. ગેટ પર હાજર સિક્યોરિટી ગાર્ડ્સ અને બાઉન્સરોએ તેને રોકતાં મામલો બિચક્યો હતો અને બંને પક્ષો વચ્ચે બોલાચાલી બાદ ઉગ્ર મારામારી શરૂ થઈ ગઈ હતી. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે કેટલાક શખસો હથિયારો સાથે મેદાનમાં ધસી આવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં યુવકો હાથમાં લાકડીઓ અને તલવારો લહેરાવતા નજરે પડે છે. આ હિંસક ઘટનાથી ગ્રાઉન્ડમાં દોડધામ મચી ગઈ હતી અને મહિલાઓ તથા યુવતીઓ સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા. આ ઘટનામાં એવો દાવો પણ કરવામાં આવ્યા છે કે યુવકોનું આ જૂથ ચોક્કસ ઈરાદા સાથે મેદાનમાં ઘૂસ્યું હતું અને મારામારીની આડમાં રોકડ રકમ ભરેલી એક બેગ લઈને ફરાર થઈ ગયું હતું. જોકે, આ આરોપોની હજુ સુધી પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી નથી.

## ખોખરાના ફ્લેટમાં એકલા રહેલા વૃદ્ધાની હત્યા: ચાર દિવસ પહેલા હત્યા થયાનું અનુમાન

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ખોખરાના જીવનરક્ષા ફ્લેટના બંધ મકાનમાંથી 60 વર્ષીય વૃદ્ધ મહિલાની હત્યા કરેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ફ્લેટમાંથી અસહ્ય દુર્ગંધ આવતાં આસપાસના રહીશોએ પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં ખોખરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અત્યારે દ્વારા મહિલાની લાશને બેગમાં ભરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જોકે સફળ થયો નહોતો. ખોખરા પોલીસે આરોપીના પકડવા માટેની તજવીજ શરૂ કરી દીધી છે.

ખોખરા કિશ્રચયન સેસાયટી પાસેના જીવનરક્ષા ફ્લેટમાં બીજા માળે રહેતી લક્ષ્મીબેન ડાભી નામની આશરે 60 વર્ષીય મહિલા રહેતાં હતા. તેઓના ફ્લેટમાંથી દુર્ગંધ આવતાં આસપાસના રહીશોને શંકા ગઈ હતી, જેના પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

### 24.82 લાખના હેરોઇન સાથે બે ખેપિયા ઝડપાયા!

## બાપુનગરમાં ડ્રગ્સ નેટવર્ક પર ક્રાઈમ બ્રાન્ચનો મોટો ધમાકો

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર ગણાતા બાપુનગરમાં યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સના કાળા કારોબાર પર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે લાલઆંખ કરીને મોટી કાર્યવાહી આચરી છે. બાપુનગર વિસ્તારમાં ડ્રગ્સનો અડ્ડો ચલાવતા ભાઈ-બહેનની ગેંગ માટે કુરિયર અને ખેપ મારવાનું કામ કરતા બે રીઢા શખસોને રૂ. ૨૪.૮૨ લાખની કિંમતના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હેરોઈનના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે.



પોલીસને મળેલી ચોક્કસ અને ખાનગી બાતમીના આધારે બાપુનગર વિસ્તારમાં કડક વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા બે શખસોને ઘેરીને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની તલાશી લેતાં તેમની પાસેથી અંદાજે ૨૪,૮૨,૦૦૦/- ની કિંમતનું સંવેદનશીલ હેરોઈન ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ડ્રગ્સનો જથ્થો, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબ્જે કરીને બંને ખેપિયાઓની સ્થળ પર જ ધરપકડ કરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. પકડાયેલા બંને આરોપીઓ બાપુનગરમાં ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા મુખ્ય ભાઈ-બહેનની ગેંગ માટે કુરિયર (ખેપિયા) તરીકે કામ કરતા હતા. રાજ્ય બહારથી કે અન્ય ગુપ્ત સ્થળોએથી ડ્રગ્સનો જથ્થો શહેરમાં ઘુસાડવો અને તેને સ્થાનિક ગ્રાહકો તથા યુવાનો સુધી પહોંચાડવાનું કામ આ ખેપિયાઓને સોંપવામાં આવ્યું હતું.

### ઇસનપુરમાં 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના સંચાલિકા મારફતે

## ટપાલ વિભાગના 20 કર્મચારીઓ સાથે નેપાળ પ્રવાસના નામે છેતરપિંડી

અમદાવાદ

અમદાવાદના ઈસનપુર સ્થિત 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ'ના સંચાલિકા મારફતે ટપાલ વિભાગના 20 કર્મચારીઓને નેપાળ પ્રવાસના નામે છેતરવામાં આવ્યા છે. વિમલ મૂળજીભાઈ નામના ઠગે 1.50 લાખ રૂપિયા પડાવી 9 બોગસ ટિકિટો આપી બાકીની ટિકિટો ન આપી ફોન બંધ કરી દીધો હતો. ઈસનપુર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દિવાળીના ટૂર બુકિંગ કરાવતા પહેલાં ચેતજો! અમદાવાદના ઈસનપુરમાં રહેતી અને ઘરેથી 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ' ચલાવતી મહિલા મારફતે ટપાલ વિભાગના 20 કર્મચારીઓ માટે નેપાળ ટૂરની એર ટિકિટ બુક કરાવવાના બહાને રૂ.1.50 લાખ પડાવી છેતરપિંડી આચરવામાં આવી છે. આરોપીએ એડવાન્સ પેટે નાણાં મેળવી 9 બોગસ ટિકિટો આપી બાકીની ટિકિટો ન આપી ફોન સ્વિચ ઓફ કરી દેતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. સમગ્ર મામલે ઈસનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઈસનપુર વિસ્તારમાં ગીરીરાજ ફ્લેટ નજીક આવેલી માનસી સોસાયટીમાં રહેતાં 45 વર્ષીય સોનલબહેન નિલેશભાઈ ચુનારા છેલ્લાં પાંચેક વર્ષથી ઘરેથી 'સોનુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ' ચલાવે છે. તેમના પતિ નિલેશ ટપાલ વિભાગના આર.એમ.એસ. ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવે છે. તેમના વિભાગના 20 જેટલાં કર્મચારીઓએ નેપાળ ફરવા જવાનું આયોજન કર્યું હતું. સરકારી ધારાધોરણ મુજબ એડવાન્સ ટિકિટ રજૂ કર્યા બાદ LTC ભથ્થું મળતું હોવાથી, ટિકિટ મેળવવા માટે સોનલબહેને નારણપુરા સ્થિત દ્વારકેશ હોલીડેયઝ પ્રા.લિ.ના સંચાલક તરીકે ઓળખ આપનાર વિમલભાઈ મૂળજીભાઈનો સંપર્ક કર્યો હતો.

વિમલભાઈએ 48 કલાકમાં ત મામ કન્ફર્મ ટિકિટો આપવાની ખા તરી આપી રૂ. 1.50 લાખની માંગણી કરી હતી. જેના પગલે સોનલબહેને 7 એપ્રિલ 2026ના રોજ પતિના એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ મારફતે રૂ.1 લાખ ફોન-પે દ્વારા ટ્રાન્સફર કર્યા હતા.

### નકલી ગરબા પાસ કૌભાંડ

## AI અને સોશિયલ મીડિયાથી ઠગાઈ આચરનારા રાજસ્થાનના બે યુવકો ઝડપાયા

અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલે નવરાત્રિમાં ગરબા પાસ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. રાજસ્થાનના 2 યુવાનોએ AI અને ઈન્સ્ટાગ્રામ જાહેરાતો દ્વારા 8 લાખના નકલી પાસ વેચી, 'અનંત બ્રહ્માંડ' ગરબાના નામે છેતરપિંડી આચરી હતી. પોલીસે ડિજિટલ પુરાવાના આધારે તપાસ તેજ કરી છે. નાગરિકોને સત્તાવાર વેબસાઈટ પરથી જ પાસ ખરીદવા અપીલ કરાઈ છે.



અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલે નવરાત્રિ પર્વ દરમિયાન ગરબા રસિકો સાથે આચરવામાં આવેલા 8 લાખ રૂપિયાના કથિત નકલી પાસ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) , ઈન્સ્ટાગ્રામ જાહેરાતો અને વોટ્સએપના માધ્યમથી નકલી પાસ બનાવી લોકોને છેતરનારા રાજસ્થાનના બે યુવકોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી મેળવેલા ડિજિટલ પુરાવાના આધારે તપાસ તેજ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી માહિતી અનુસાર, આરોપીઓએ 'veer. rajjputt' નામે ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ અને 'anantexperience@gmail.com' નામનું બનાવટી ઈમેલ આઈડી બનાવ્યું હતું. અમદાવાદમાં આયોજિત જાણીતા 'અનંત બ્રહ્માંડ' (Anant Brahmand) ગરબા મહોત્સવના નામ અને લોગોનો આયોજકોની જાણ બહાર ગેરકાયદે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંક્ષીપ્ત સમાચાર

### સાબરમતી જેલને અંગૂઠો બતાવી ફરાર થયેલો આજીવન કેદી ઝડપાયો: અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સપાટો!

ગુજરાતની સુરક્ષા વ્યવસ્થા અને જેલ પ્રશાસનને ખુલ્લેઆમ પડકાર ફેંકીને ફરલો રજા પરથી લાપત્તા થયેલા એક અત્યંત કુખ્યાત અને આજીવન કેદની સજા ભોગવતા પાકા કામના કેદીને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. હત્યા જેવા ગંભીર ગુનાઓમાં સજા કાપી રહેલો આ ખુનખાર કેદી જેલના સળિયા પાછળથી છટકીને ફરાર થઈ ગયો હતો, પરંતુ ક્રાઈમ બ્રાન્ચની બાજ નજરથી તે બચી શક્યો નથી. સાબરમતી મધ્યસ્થ જેલ (Sabarmati Central Jail) માં આજીવન કેદની સજા ભોગવી રહેલા કુખ્યાત આરોપી પ્રવીણ ઉર્ફે ભોલો પરષોત્તમભાઈ ધવલને ગુજરાત જેલ પ્રશાસન દ્વારા ૧૪ દિવસની ફરલો રજા મંજૂર કરવામાં આવી હતી. નિયમ મુજબ રજા પૂરી થયા બાદ તેણે જેલમાં પરત હાજર થવાનું હતું. પરંતુ, ગત ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જેલમાં હાજર થવાની અંતિમ તારીખ હોવા છતાં આ ચાલાક કેદી જેલમાં પરત ફર્યો નહોતો અને પોલીસ તથા જેલ તંત્રને ધોકો આપીને ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. હત્યા અને હત્યાના પ્રયાસ જેવા જઘન્ય અપરાધોની પૃષ્ઠભૂમિ ધરાવતો આ આરોપી ફરાર થતાં સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી.

### ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રસ્તો ઓળંગતી વખતે કારની ટક્કરથી 5 વર્ષના બાળકનું મોત

અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં અકસ્માતની ઘટના સામે આવી છે. 18મી ઑક્ટોબરના રોજ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહેલા 5 વર્ષીય બાળકને પૂરઝડપે આવી રહેલી એક કારે ટક્કર મારી હતી. જેમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ માલે બાળકના પિતાની ફરિયાદના આધારે 'બી' ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી અનુસાર, 18મી ઑક્ટોબરના રોજ સવારના સુમારે પાંચ વર્ષીય નિલેશ રાઠોડ ગુલબાઈ ટેકરા ટેલિફોન એક્સચેન્જ જંકશન પાસે રસ્તો ઓળંગી રહ્યો હતો. આ દરમિયાન એક કારના ચાલકે વાહન ખૂબ જ ઝડપે નિલેશને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નિલેશના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી, તેમજ તેના જમણા પગ અને ડાબા હાથ પર પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. ઘટના બાદ કારચાલક માલા રાજેશ મિત્તલે કાર રોકી હતી અને બાળકને તબીબી સારવાર મળે તે માટે મદદ કરી હતી. ચાલકે બાળકના પરિવારને સારવારનો તમામ ખર્ચ ઉઠાવવાની ખાતરી પણ આપી હતી.

### 'અહીં રાતે કાંડ થયો છે, ઘરેણાં ઉતારી બેગમાં મુકી દો' કહી અમદાવાદમાં વૃદ્ધાના ₹4 લાખના દાગીના લઈ નકલી પધરાવ્યા

અમદાવાદના રામદેવનગર વિસ્તારમાં 69 વર્ષીય વૃદ્ધાને સલામતીનો ડર બતાવીને 3 શખસોએ 4 લાખ રૂપિયાની કિંમતના સોનાના ઘરેણાં પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. જેમાં ત્રણ ઠગે અસલી ઘરેણાં લઈને કાગળમાં નકલી ઘરેણાં પધરાવી દઈ ફરાર થઈ જતા આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, 18મી ઓક્ટોબરે સવારે 69 વર્ષીય સુનીતાબહેન ગર્ગ રામદેવનગર ચાર રસ્તા પાસે આવેલ રામ મંદિરથી દર્શન કરીને બાગેશ્રી ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક અજાણ્યો શખસ તેને ઊભા રાખીને કોર્નર પર બાઈક પર બેઠેલા અન્ય એક શખસ પાસે લઈ ગયો હતો. આ લોકોએ સુનીતાબહેનને જણાવ્યું કે અહીં રાત્રે એક કાંડ થઈ ગયો છે, તેથી તમારી સલામતી માટે તમારા ગળાની સોનાની ચેઈન અને બંગડીઓ ઉતારીને બેગમાં મૂકી દો. તે જ સમયે 20થી 25 વર્ષની ઉંમરનો ત્રીજો શખસ ત્યાં આવ્યો અને વિશ્વાસ અપાવવા માટે પોતાની વીંટી ઉતારીને આપતા કહેવા લાગ્યો કે આંટી કોઈ ડર નથી, જુઓ હું પણ મારી વીંટી આપું છું.

### દારૂ જ 'દવા' : અમદાવાદ સિવિલમાં 10 મહિનામાં 3054 હેલ્થ પરમિટ ઈશ્યૂ, જેમાં 95% પુરુષો

ગુજરાતમાં આમ તો દારૂબંધી છે, પરંતુ હેલ્થ પરમિટના આધારે દારૂ પીનારાની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે આ વર્ષે 15 ઓક્ટોબર સુધી 3054 હેલ્થ પરમિટ અપાઈ છે. જેમાં 2398 રિન્યુઅલ અને 656 નવી પરમિટનો સમાવેશ થાય છે. આમ, પ્રતિ 100 પરમિટમાંથી અંદાજે 79 રિન્યુઅલ અને 21 નવી પરમિટ હોય છે. આ વર્ષે મહિનો પ્રમાણે આંકડાઓમાં જૂન મહિનો મોખરે રહ્યો છે. જૂનમાં 591 પરમિટ નોંધાઈ છે, જે આ સમયગાળાના કુલ પરમિટના 19 ટકા થાય છે. બીજી તરફ એપ્રિલમાં માત્ર 11 પરમિટ અપાઈ હતી. પુરુષો અને મહિલાઓના આંકડામાં પણ મોટો તફાવત છે. 10 મહિનામાં 2885 પુરુષ અને 168 મહિલાઓને પરમિટ અપાઈ છે. આમ, પરમિટ લેનારી મહિલાઓનું પ્રમાણ 5.5 ટકા જ છે. ગુજરાતમાં વર્ષ 2023-24માં 4077, વર્ષ 2024-25માં 3186 અને વર્ષ 2025-26માં 3812 હેલ્થ પરમિટ આપવામાં આવી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI